
સત્યં વદ ॥ ૐ શ્રી સચ્ચિદાનંદ માધવાનંદ સદ્‌ગુરૂભ્યો નમઃ ॥ ધર્મં ચર

ૐ

# ॥ વેદ રહસ્ય ॥



પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ સચ્ચિદાનંદ સ્વરૂપ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય

## શ્રી ૧૦૦૮ સ્વામીશ્રી શિવોહંસાગરજી મહારાજ

વર્ષ ૩૮ સંવત ૨૦૭૨ અષાઢ, જુલાઈ – ૨૦૧૬ અંક – ૭




પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી શ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીની કુંભમેળામાં શોભાયાત્રા

**સંપર્ક : ગોરધનભાઈ – મો. ૯૮૯૮૩ ૨૨૬૫૦**

# વેદ રહસ્ય




સંસ્થાપક : મહામંડલેશ્વર સ્વામી
શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય

વર્ષઃ ૩૮ / જુલાઈ–૨૦૧૬ / અંક–૭


## અનુક્રમણિકા


| | |
|---|---|
| ૪ | કઠોપનિષદ્ <br> કૃષ્ણા જી. સવાણી (નવા નાવડા) |
| ૮ | ૧૬ મો નિર્વાણ જયંતિ મહોત્સવ <br> રજુ. કિરણ મહેશભાઈ ભરોડીયા (પાલડી) |
| ૧૫ | આત્મ પ્રશંસા અને ખુશામત <br> કાળુભાઈ એ. કોશિયા <br> શ્રી માધવ ગુરૂકુળ–બાકરોલ વિદ્યાનગર |
| ૧૬ | આયુર્વેદાત કિંચિત્ <br> વૈદ્ય મધુસૂદન ભીમજીભાઈ ઉપાધ્યાય (નડિયાદ) |
| ૧૮ | સ્વપ્રયત્નની અનિવાર્યતા <br> ગોરધનભાઈ જી. ગાબાણી (પીપળીયા) |
| ૧૯ | બાળ કેળવણી <br> લવજીભાઈ કે. સવાણી (નાવડા) |
| ૨૦ | ધ્યાન અને ધારણા <br> લત્તા અરવિંદભાઈ માંગુકિયા દડવા(રાં.) |
| ૨૧ | સત્સંગ સમાચાર <br> સંકલિત |
| ૨૨ | સત્સંગ સમાચાર <br> સંકલિત |


જય સચ્ચિદાનંદ
ૐ

## चर्पटपञ्जरिकास्तोत्रम्

***કસ્ત્વં કોઽહં કુત આયાતઃ કા મે જનની કો મે તાતઃ ।***
***ઈતિ પરિભાવય સર્વમસારં વિશ્વં ત્યકત્વા સ્વપ્નવિચારમ્ ।***
***ભજ ગોવિન્દં ભજ ગોવિન્દં ગોવિન્દં ભજ મુઢમતે ॥ ૧૩ ॥***

### ભાવાર્થ

*સ્વપ્નવત્ મિથ્યા સંસારની આસક્તિ છોડીને 'તું કોણ છે ? હું કોણ છું ?' ક્યાંથી આવ્યો છું ? મારી માતા કોણ છે અને પિતા કોણ છે ? આ રીતે વિચારી સૌને અસાર સમજ, તથા હે મૂઢ ! નિરંતર ગોવિંદને જ ભજ, કારણ કે મૃત્યુ નજીક આવતાં 'ડુકૃઞ કરણે' ગોખવાથી રક્ષા નહીં થાય. ॥ ૧૩ ॥*


**: માધવ પીઠાધીપતિ :**
''પ.પૂ. મહામંડલેશ્વર સ્વામી
શ્રી જગદીશાનંદ સાગરજી
મહારાજ વેદન્તાચાર્ય''

**: મુદ્રણ સ્થાન :**
પાર્થ પ્રિન્ટ પોઈન્ટ,
૧, બેઝમેન્ટ, શ્રીજી આવાસ,
માનગઢ ચોક, વરાછા,
સુરત–૩૯૫ ૦૦૬.

**: પ્રકાશક (Publisher) :**
શ્રી લક્ષ્મણભાઈ જેરામભાઈ સોનાણી

**: સંપાદક (Editor) :**
શ્રી દેવરાજભાઈ વાલજીભાઈ વઘાસિયા

**: મુદ્રક :**
શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ વતી
શ્રી ઈશ્વરભાઈ ધનજીભાઈ ગોળકીયા



## વેદ રહસ્ય

વેદ રહસ્ય મહિનાની પાંચમી તારીખે પ્રગટ થતું ૩૭ વર્ષ જૂનું સંસ્કાર અને ધર્મભાવના જાગૃત કરનારૂં સંપ્રદાયનું એકમાત્ર માસિક છે. વેદ રહસ્ય માસિક લવાજમના દર નીચે મુજબ રહેશે.


**લવાજમ તથા લેખો માટે પત્રવ્યવહાર :**
**મુખ્ય કાર્યાલય**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**''વેદ રહસ્ય કાર્યાલય''**
શ્રી માધવાનંદ આશ્રમ,
ઉદયનગર–૧,
કતારગામ રોડ, સુરત–૩૯૫ ૦૦૪.
ફોન નં.:– (૦૨૬૧) ૨૫૩૪૬૧૦


| | દેશમાં | વિદેશમાં |
|---|---|---|
| સંરક્ષક | ૮૦૦૦ | – |
| સહાયક | ૩૦૦૦ | – |
| આજીવન | ૧૫૦૦ | ૧૨૦૦૦ |
| વાર્ષિક | ૨૦૦ | ૩૦૦૦ |

**પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્ય દ્વારા મહાકુંભપર્વ-નાસિક-૧૯૯૧ માં ચાતુર્માસ દરમ્યાન કરેલ પ્રવચનામૃત**



**ગતાંકથી ચાલુ....**

પૂર્ણ સમજવો. કોઈ બાકી રહેશે એવી મનમાં ભ્રાંતિ કરવી નહીં કે આપણે ૐ બોલ્યા એટલે પછી આ રામ બાકી રહ્યા ને કૃષ્ણ બાકી રહ્યા ને શિવ બાકી રહ્યા ગુરુ બાકી રહ્યા. એમ કાંઈ બાકી રહેતું નથી. પણ જે લોકોને ૐ નો અર્થ ન સમજાય એવાને માટે એમ કહ્યું કે સગુણ-નિર્ગુણ બંને રાખવા એટલે ૐ વ્યાપક નિર્ગુણ સ્વરૂપ છે જે ન સમજાય એટલે ૐ હરિ, ૐ પ્રભુ બોલો કે ૐ ગુરુ બોલો યાતો ૐ શિવ બોલો યાતો ૐ હરિ બોલો કોઈપણ એક સગુણ રૂપ સાથે આવે તો કોઈ સામાન્ય માણસો ન સમજી શકતા હોય તો એને પણ લાભ થાય. એટલે મંત્રમાં બધામાં સગુણ નિર્ગુણ બંને આવે છે. **'સચ્ચિદાનંદ માધવાનંદ'** બોલીએ ત્યાંય એમ સમજવું. સગુણ અને નિર્ગુણ બને છે. તો ૐ એ નિર્ગુણ છે. સચ્ચિદાનંદ એ નિર્ગુણ નિરાકાર છે. ને માધવાનંદ કહે એ સગુણ છે ને ગુરુ બોલે તોય સગુણ સાકાર સદ્‌ગુરુ ગુરુ સાક્ષાત ભગવાન છે.

**ગુરૂર્બ્રહ્મા ગુરૂર્વિષ્ણુ ર્ગુરૂર્દેવો મહેશ્વરઃ**
**ગુરૂ સાક્ષાત્ પરં બ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ**

एतदालम्बनम् श्रेष्ठमेतदालम्बनं परम् ।
एतदालम्बनं ज्ञात्वा ब्रह्मलोके महीपते ॥१७॥

આ ૐ રૂપી આલંબનને જાણીને **'ब्रह्मलोके महीयते'** બ્રહ્મલોકમાં એ મહાન આનંદના ભાગીદાર થાય છે. હવે બોલો, તમે અત્યારે બ્રહ્મલોકમાં છો કે મર્યા પછી જવું છે. તો શું છે ? બોલો ? બધા બ્રહ્મલોકમાં બિરાજમાન છો. કયાં છો ? બોલો ? કેમ કે આ બધું જ બ્રહ્મલોક છે. બ્રહ્મનિવાસ કરે એનું નામ બ્રહ્મલોક. દુનિયાને જે નામ પાડવું હોય એ પાડે પણ બ્રહ્મ જયાં રહે એનું નામ બ્રહ્મલોક. તો બ્રહ્મ ભરપૂર બધે ભરેલા છે. એટલે જે લોકોને સમજણ આવેને એને જગત નો દેખાય બ્રહ્મલોક થઈ જાય. શું થઈ જાય ? બોલો ? કેમ કે જે દેખાય એ બધું બ્રહ્મરૂપે ઝાડ દેખાય. પા'ડ દેખાય જે દેખાય એ બધું બ્રહ્મનું સ્વરૂપ છે.

**खं वायुमग्निं सलिलं महीं च ।**
**ज्योतींषि सत्त्वानि दिशो द्रुमादीन् ।**
**सरित्समुद्रांश्च हरेः शरीरं ।**
**यत् किञ्च भूतं प्रणमेदनन्य ॥**

(શ્રીમદ્ ભાગવત-સ્કંધ-૧૧)

''सरित्समुद्रांश्च हरे:शरीरं यत् किञ्च भूतं प्रणभेदनन्य ।''

પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, નદીઓ, સાગર, સરિતા, તારાઓ જે કંઈ છે એ બધું ભગવાનનું, બ્રહ્મ સ્વરૂપ છે. એટલા માટે તમે બધાય અત્યારે બ્રહ્મલોકમાં જીવી રહ્યા છો. બ્રહ્મ દ્રષ્ટિવાળા. કોણ, બોલો ? અને જેને બ્રહ્મ દ્રષ્ટિ નથી એ બધા મોહમાં, જગતમાં, ભોગમાં, ઘરમાં રમી રહેલા છે એટલે ઘણાં શું કહે ? કે અમે તો સંસારી કહેવાઈએ, ઘરબારી કહેવાઈ પણ બ્રહ્મ ભાવમાં છે એવું સમજતા નથી. જે આલંબનને બરોબર, ૐ ને ઓળખી સમજી જાય.

આખું વિશ્વ જ ૐ છે અને 'ૐ' એને સમજ્યા પછી એ બ્રહ્મલોકમાં જ રહે છે. કોઈ દિ' જગતમાં રહેતા નથી. એટલા માટે ગુરુએ તુરીયાતીત હોય છે. ત્રીગુણાતીત જગતની પાર હોય એને જગત દ્રષ્ટિ ન હોય એ તો પરાની પાર છે. તો તમે પણ પરાપાર છો. એટલા માટે-

**બ્રહ્માનન્દં પરમસુખદં કેવલં જ્ઞાનમૂર્તિમ્**
**દ્વન્દ્વાતીતં ગગનસદૃશં તત્ત્વમસ્યાદિલક્ષ્યમ્**
**એકં નિત્યં વિમલચમલં સર્વધીસાક્ષિભૂતમ્**
**ભાવાતીતં ત્રિગુણરહિતં સદ્‌ગુરું તં નમામિ.**

(શ્રી ગુરુગીતા)

કે જેવા ગુરુ એવા શિષ્ય બને ઈયળ ભમરીનું ધ્યાન કરતા કરતા જેમ ભમરી થઈ જાય એમ શિષ્ય ગુરુ મૂર્તિનું ગુરુના જ્ઞાનનું ધ્યાન કરતાં કરતાં ગુરુ સ્વરૂપ બની જાય એટલે બ્રહ્મ સ્વરૂપ બની જાય. આખા વિશ્વને બ્રહ્મ સ્વરૂપે જોવે પછી એને આખું જગત બ્રહ્મ રૂપે બની જાય. શું બની જાય ? બોલો ? ...એટલે બ્રહ્મલોકમાં જવું પડે ને ત્યાં જઈને સુખ લેવું એવું નહીં આખું વિશ્વ એને બ્રહ્મ દ્રષ્ટિમાં દેખાવા લાગે. એટલા માટે **'મુને ભાસ્યો છે બ્રહ્માકાર'** એટલે ગુરુનું ધ્યાન જેને હૃદયમાં થઈ જાય એને આખું વિશ્વ બ્રહ્માકાર દેખાવા લાગે એને પછી અહીં ભગવાન છે ને અહીં નથી કયારે ભગવાન આવશે ને કયારે જશે એ ભ્રાંતિ છૂટી જાય. એને તો ચોવિસો કલાક આનંદ આનંદ ને આનંદ હોય છે.

**'આઠે રે પો'ર આનંદમાં રહેવું'**

(ગંગાસતી)

**''આનંદ કો ઘર પાયો,**
**અબ મોહી આનંદ કો ઘર પાયો,**
**જબ કૃપા ભઈ સદ્ ગુરુ કી,**
**નિરભે નિશાન બજાયો, અબ...''**

(મહાત્મા શ્રીકબીર)

તો આનંદનું ઘર મળ્યું એથી લાભ શું થયો ?

**''કામ ક્રોધ કી ફુટી ગગરીયા,**
**તૃષ્ણા કો નીર વહાયો.''**

(શ્રી કબીર)

બધું જ બ્રહ્મરૂપ છે. પછી કામના ઈચ્છા શેની કરવી. અહીં જવું ને આમ કરવું ને આ લેવું અહીં મૂકવું ને અહીં છોડવું એ બધું છૂટી જાય કામના બધી છૂટી જાય બધામાં બ્રહ્મ ભરપૂર છે. એટલે ક્રોધ નો રે' લોભ-મોહ નો રે. તમામ વિકારોથી મુક્ત થઈ જાય.

**''કામ ક્રોધ કી ફુટી ગગરીયા,**
**તૃષ્ણા કો નીર વહાયો.''**

તૃષ્ણા ચાલી ગઈ કેમ કે પછી કાંઈ આ કરવું ને આ વધારે કરવું ને આ ઓછું કરવું એ કાંઈ ભ્રાંતિ નો રે' કે મારે જાપ ઓછા થયા ને મારે પૂણ્ય ઓછું થયું ને મારે દાન ઓછું થયું ને મારે યાત્રા ઓછી થઈ મારે આ થયું કાંઈ આશાતૃષ્ણા ન રહે. ઝાઝા પૈસા હોત તો ઝાઝું દાન કરેત ને આમ કરી લેત ને આ કરી લેત બધા મનના ઘોડાઓ શાંત થઈ જાય. એટલા માટે-

**તૃષ્ણા કો નીર બહાયો,**
**છોડી પ્રપંચ સકલ જગજીતી (૨)**
**ગુરુચરણે ચિત્ત લાયો, અબ....**

પ્રપંચ દ્રષ્ટિ છોડી અને ગુરુ શરણે એટલે બ્રહ્મ સ્વરૂપમાં ગુરુ એટલે શું ? **'ગુરુ સાક્ષાત્ પરંબ્રહ્મ'** કે ગુરુ ચરણમાં એટલે બ્રહ્મ સ્વરૂપમાં મનને બરોબર સ્થિર કર્યુ. તમામ પ્રકારના બંધનોને તોડી નાખ્યા અને-

**પંચ તત્ત્વ કી આ તન ગોદડી,**
**સુરતી કો ટોપ બનાયો,**
**હદઘર છોડી અનહદ ઘર આયો,**
**ગગનમંડળ મઠ છાયો, અબ...**

શરીર તો પાંચ ભૂતોનું ટુંકું નાનું એવું છે. પણ હું શરીર જેવડો નથી. હું તો આકાશ સમાન છું સર્વ વ્યાપક છું. એટલે **'ગગનમંડળ મઠ છાયો'** હું ગગનમંડળ સમાન, આકાશ સમાન સર્વ વ્યાપક ઓતપ્રોત છું. એટલે હદ ઘર છોડી દીધી અને હદ એટલે જે હું આ ગામનો છું ને આ દેશનો છું આ જાતિનો છું ને આ કુળનો છું ને આ કુટુંબનો છું એમ બધી હદોમાંથી પાર થઈને આખા વિશ્વ વ્યાપક સુંદર સચ્ચિદાનંદ સ્વરૂપ છું એવો દ્રઢ અભ્યાસ થઈ જાય એટલે બધા એના બંધનો કપાય ગયા. જાતિના, કુળના, કુટુંબના ગામના, ધર્મ-અધર્મના તમામ બંધનોમાંથી મુક્ત થઈને નિરહદ-હદ રહિત અનહદ ઘર પાયો.

**''સત્ય કી વિભુતિ ૐ કારકી માલા,**
**સોહં સચ્ચિત લગાયો.''**

**''સત્ય કી વિભુતિ''** સત્ય દ્રષ્ટિ બધામાં કરવી.

**''સત્ ચિત આનંદ સરવમાં,ભરી રહ્યો ભરપૂર''**

(સ્વામી પ્રીતમદાસજી)

સત્ય દ્રષ્ટિ જ કરવી તો એ સાચી વિભુ છે સાચી વિભુતિ છે.

**''સત્ય કી વિભુતિ ૐ કાર કી માલ''**

નિરંતર ૐ ૐ ૐ સ્મરણ કર્યા કરે અને **''સોહં સચ્ચિત લગાયો''** સોહંનું-'હું સચ્ચિદાનંદ સ્વરૂપ છું' એવો વારં વાર સચ્ચિદાનંદ સ્વરૂપનું ચિંતન કરવું.

**ત્રિકુટી મેહેલ પર બેઠા યોગેશ્વર,**

**અનહદ નાદ બજાયો, અબ...**

'ત્રિકુટી મેહેલ' ત્રણ જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેય હોય, ભોકતા, ભોગ અને ભોગ્ય એ ત્રણેયની ઉપર પહોંચી ગયા કે એ ત્રણેય હું નથી. જ્ઞાતા, જ્ઞાન ને જ્ઞેય એ બધાને જાણવાવાળું એનાથી ઉપર ઊઠેલું સ્વરૂપ છે. એટલે,

**ત્રિકુટી મેહેલ પર બેઠા યોગેશ્વર,**

**અનહદ નાદ બજાયો, અબ...**

જેની કોઈ હદ નહીં સીમા નહીં કોઈ બંધન નહીં એવા નાદમાં બ્રહ્મભાવમાં ૐ ૐ માં પહોંચી ગયા.

**નહિં નહિં દિવસ નહીં નહીં રજની,**

**જહાં મોહે લાડ લડાયો,**

**કહત કબીર પિયુજી કે પ્યારે,**

**સચ્ચિદાનંદ મન લાયો, અબ...**

જયાં દિવસ નહીં જયાં રાત્રી નહીં કોઈ વાર નહીં કાંઈ તહેવાર નહીં. ચોવિસો કલાક જયાં આનંદ આનંદ ને આનંદ જ છે. એવું પરમ પદ સચ્ચિદાનંદ પરમાત્માનું સ્વરૂપ એ જ મહાન દિવ્ય મંગળમય છે. એ જ આલંબન ઉત્તમ પ્રકારનું શ્રેષ્ઠ છે. **''एतदालंबनं ज्ञात्वा ब्रह्मलोके महीपते ।''** એ જ પરમ બ્રહ્મ પરમાત્માનું પદ અખંડ અમર છે.

**आत्म स्वरू निरूपण**

**न जायते म्रियते वा विपश्चि–**

**न्नायं कुतश्चिन्न बभूव कश्चित् ।**

**अजो नित्यः शाश्वतोऽयं पुराणो**

**न हन्यते हन्यमाने शरीरे ॥१८॥**

॥१-२-१८॥

હવે, એક વાત ધ્યાનથી યાદ રાખો. ગીતાને ઉપનિષદ એ છેને બંને એક છે કેમ કે ગીતા એ ઉપનિષદોનો સાર છે એટલે લખ્યું છે કે-

**सर्वोपनिषदो गावो दोग्धा गोपालनन्दनः ।**

**पार्थो वत्सः सुधीर्भोक्ता दुग्धं गीतामृतं महत् ॥**

(ગીતા ધ્યાનમ્)

કે બધી ઉપનિષદો રૂપી ગાયોને દોહી અને અર્જુન રૂપી વાછરડા માટે ભગવાન કૃષ્ણે આ ગીતાનું અમૃત દોહ્યું. તો ગીતા અને ઉપનિષદોમાં ઘણાં મંત્રો એક સરખા આવે જે ભગવદ્ ગીતાના બીજા અધ્યાયમાં આવો જ મંત્ર છે.

**ન જાયતે મ્રિયતે વા કદાચિન્,**

**નાયં ભૂત્વા ભવિતા વા ન ભૂયઃ,**

**અજો નિત્યઃ શાશ્વતોऽયં પુરાણો**

**ન હન્યતે હન્યમાને શરીરે.**

(ગીતા-અ-૨-૨૦)

હવે, ૐ ૐ ૐ સ્મરણ કર્યા પછી સાથે સાથે બધું બ્રહ્મરૂપ છે. બ્રહ્મ કેવું છે ? આત્મા કેવો છે ? બંનેનું જ્ઞાન આપે છે કે **'ન જાયતે'** એ કોઈ દિ' જનમતું નથી ને એ તત્ત્વ કોઈ દિ' મરતું નથી. એને આત્મા કહો કે બ્રહ્મ કહો કે ૐ કહો જે કહેવું હોય એ... ૐ તત્ત્વ કહો કે બ્રહ્મ તત્ત્વ કહો તમારે બધાનો આત્મા એ જ આત્મા (પરમાત્માથી) જુદો નથી આત્મા એજ પરમાત્મા છે. એ તત્ત્વ કેવું છે ? એનું જ્ઞાન ધ્યાન રાખો. **'ન જાયતે'** એ આત્મા કે પરમાત્મા કોઈ દિ' જન્મતા નથી. તો કોઈને શંકા ન રહે એટલે થોડી સમજણ અભ્યાસ કરો કે ભય, ભગવાન રામ જનમ્યા, ભગવાન કૃષ્ણ જન્મ્યા અમુક દિવસે જન્મ જયંતિ ઊજવવામાં આવે તો કોણ જન્મ્યું ? તો શરીર જન્મે કે બ્રહ્મ જન્મે, બોલો ? એટલે શરીર જન્મે એમ સમજો. બ્રહ્મ તત્ત્વ કોઈ દિ' જન્મતું નથી. એટલા માટે સગુણમાં જન્મ-મરણ હોય. જયારે મૂળ સ્વરૂપમાં કોઈ દિ' જન્મ ન હોય ને મરણય ન હોય. જેમ ઘાટ, સોનુ હોયને એમાં હારના ઘાટ ઘડાણા પણ સોનું તો એવું ને એવું રહે કેમ કે ગાળી નાખો તો શું થઈ જાય ? પાછું સોનું ને સોનું.

**ઘાટ ઘડીયા પછી નામ રૂપ જૂજવા,**

**અંતે તો હેમનું હેમ હોય.**

(નરસિંહ મહેતા)

પરમાત્મા તો ચોવિસો કલાક હાજરા હાજુર છે.

ઘણાંય કહે કે કળયુગમાં બહુ પાપ વધી ગયા ભગવાન કેમ હજી આવતા નથી. તો હજી ભગવાન નથી આવેલા ? ભગવાન આવેલા છે પણ ભગવાન આ અજ્ઞાની જીવોને દેખાતા નથી. ભગવાન તો ચોવિસો કલાક હાજરા હાજુર રહે છે. ભગવાન ન હોય તો આ ગાડુ ચાલે જ નહીં. ડ્રાઈવર વગર મોટર ચાલે ? બોલો ? આ જગત ચાલે છે એ જ શું બતાવે છે ? કે એને ચલાવવાવાળા, એનો આધાર પરમાત્મા ચોવિસો કલાક હાજરા હાજુર છે. એટલા માટે નથી જનમતા એમ કહે તો મૂળ તત્ત્વને કહે છે. મૂળ તત્ત્વ કોઈ દિ' આવતું નથી ને એ હંમેશા હાજરા હાજુર છે કેમ કે હોય એને જન્મવું ન પડે નો હોય એને જન્મવું પડે. તો ભગવાન પેલાથી છે કે નવા આવે છે ? બોલો ?...એટલા માટે હંમેશા છે છે ને છે. ચોવિસો કલાક રહે હંમેશા જાગતા રહે, હંમેશા જીવતા રહે એટલે **'ન જાયતે મ્રિયતે વા કદાચિન'** તો **'ન જાયતે'** એટલા માટે જ કહ્યું જે જન્મે એનું મૃત્યુ થયા વિના રહે નહીં. કોઈ ભલે મનથી બોલ્યા કરે કે એ અમર છે ને આમ છે. પણ જન્મે એનું તો મરણ હોય હોય ને હોય. એટલે એ શીખવાડવા માટે ભગવાન કહે છે, વેદો ઉપનિષદો પણ કહે છે કે બ્રહ્મ તત્ત્વ આત્મ તત્ત્વ કોઈ દિ' જન્મતું નથી અને કોઈ દિ' મરતું પણ નથી. તો એવો આત્મા તમે છો, શું છો ? બોલો ? તો પછી તમારે જન્મ નથી ને મરણ નથી. તો જન્મ-મરણ મટ્યા એટલે મોક્ષ થઈ ગયો કહેવાય. ધ્યાનથી યાદ રાખો શું થઈ ગયુ કહેવાય ? બોલો ? ...(મોક્ષ). જો એ જ્ઞાન દ્રઢ કરોને કે મારે જન્મ નથી ને મરણય નથી. તો પછી વચલા ભાવ રહ્યા ? ગઢપણ નહીં રોગ નહીં ને કોઈ પ્રકારનું દુઃખ પણ નહીં. જો જનમ નહીં તો પછી ગઢપણ ક્યાંથી ? જનમ નહીં તો રોગ ક્યાંથી ? જન્મ નહીં તો ગઢપણ મૃત્યુ ક્યાંથી ? એટલે જન્મ, મરણ, ગઢપણ, રોગ બધા દુઃખોથી મુક્ત સચ્ચિદાનંદ સ્વરૂપ હું છું એવો રોજ અભ્યાસ કરવો. એટલે કહે છે કે આત્મા કે પરમાત્મા **'ન જાયતે મ્રિયતે'** કોઈ દિ' જન્મે નહીં ને મરે નહીં. **''विपश्चिन्नायं कुतश्चिन्न बभूव कश्चित् ।''** કે એ તત્ત્વ કોઈ દિ' ક્યાંયથી થયું નથી. અત્યારે છે નહીં ને આગળ એને જન્મ પણ નહિ થાય. એ કોઈ દિ' મરશે નહીં કોઈ દિ' મર્યુ નથી અને આગળ મરશે પણ નહીં. હંમેશા એક રસ હાજરા હજુર છે. તો કેવું તત્ત્વ છે ? એનું વર્ણન કરતાં ચોખ્ખા શબ્દો કહે છે. **'અજઃ', 'નિત્યઃ', 'શાશ્વત', 'પુરાણ'** એ પરમાત્મા અજન્મા છે એ નિત્ય છે એ શાશ્વત છે અને પૂરાણ એટલે બધા કરતાં જુના છે હંમેશા છે.

**'ન હન્યતે હન્યમાને શરીર'**

આ સિદ્ધાંત યાદ રાખો કે ઘડો ફુટે છતાં આકાશ ફુટે નહીં એમ શરીર તૂટે છતાં આત્મા તૂટે નહીં મરે નહીં ઘટે નહીં એટલે ઘણાં શું કહે કે હું મરી જઈશ આ મરી ગયો. તો હું મરીશ એમ માને એ દેહની સાથે હું રાખે એટલા માટે-

**''દેહની મમતા દૂર કરીને, આતમને ઓળખતો જા,**
**આવ્યો છે તું આ સંસારે,**
**જન્મ સફળ તું કરતો જા.''**

**''દેહાભિમાન પાશેનચિરં બદ્ધોસિ પુત્રકઃ ।''**

(અષ્ટાવક્ર ગીતા)

જ્યાં સુધી દેહનું અભિમાન હોય કે હું બ્રાહ્મણ છું ને હું ક્ષત્રિય છું હું ગ્રહસ્થ છું ને સંન્યાસી છું અને હું આવો વેશ્ય છું ને ક્ષુદ્ર છું એમ દેહના અભિમાનમાં પડેલા જીવો એ અધમ ગતિમાં એમનામ ભટકયા કરે છે.


**મંદજન એ મર્મ ન સમજે, વર્ણાશ્રમની આડ્ય રે;**
**ત્રિગુણમાં તાણ્યો ફરે રે, બાંધી જીવપણાંની જાડ્ય,**
**વારી જાઉં વારણે.**

(અખા ભક્ત)

તો મંદ બુદ્ધિના જીવો જે હોય છે એ વર્ણાશ્રમની આડ્યમાં પડયા રહે છે. આ બ્રાહ્મણ છે ને આ ક્ષત્રિય છે ને આ સન્યાસી છે ને આ ગ્રહસ્થ છે ને આ ઊંચો છે ને આ નીંચા છે ને આ આ છે ને આ ઓલા છે એમ સારામાં ને મોળામાં ને ઊંચામાં ને નીચામાં જન્મ-મરણના ચક્કરો કાપ્યા કરે છે અને કોઈ થોડા ઊંચા ચડે તો **'જીવપણાંની જાડ્ય'** તો પાછા જીવ થઈને રહે કે અમે શું કરીએ મહારાજ ? (અમે તો) જીવ કહેવાઈએ અમારાથી કાંઈ થાય નહીં. એમ જીવ ભાવમાં પડયા રહે એટલા માટે મંદ બુદ્ધિના જીવો યાતો દેહ ભાવમાં રહે યાતો જીવ ભાવમાં રહે પણ જે ઉપનિષદોનો સ્વાધ્યાય કરે ગુરુ વચનમાં વિશ્વાસ રાખીને સૂક્ષ્મ ભાવથી બરોબર ગુરુના વચનો હૃદયમાં ઉતારે.

**ક્રમશ...**

## પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રીનો ૧૬ મો નિર્વાણ જયંતિ મહોત્સવ, ઉજ્જૈન...




### <u>બ્રહ્મચારી શ્રી જયાનંદજી મહારાજ</u>

આજે આપણે પરમ પૂજ્ય પ્રગટ બ્રહ્મ સ્વરૂપ શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ પરમહંસ પરિવ્રાજકાચાર્ય અનંત શ્રી વિભૂષિત સ્વામીજી મહારાજશ્રીનો સોળમો નિર્વાણ જયંતિ મહોત્ત્સવ જે સાત નગરીમાં એક મોક્ષદાયીતા નગરી છે. એ મોક્ષ નગરીની અંદરમાં ક્ષીપ્રા નદીના તટ પર પૂર્ણ કુંભ મહાપર્વના પ્રસંગે આપણે પ્રગટ બ્રહ્મ સ્વરૂપ સ્વામીજી મહારાજશ્રીનો નિર્વાણ જયંતિ મહોત્સવ શ્રધ્ધા ભક્તિ ને ભાવ પૂર્વક મનાવી રહ્યા છીએ. જો જપ, દાન, તપ, વ્રત, સાધના એ બધુ બધી જગ્યાએ થઈ શકે છે. પરંતુ એ બધુ જે પુણ્ય નગરી છે જે મોક્ષ નગરી છે. જે તીર્થ નગરી છે. એની અંદર જો આ બધુ કરવામાં આવે તો એનું અનંત ગણું ફળ પ્રાપ્ત થાય છે. જે આ સ્વામીજી મહારાજશ્રીનો જે આ નિર્વાણ જયંતિ મહોત્સવ જે ભાઈઓ ઉજવી રહ્યા છે ત્યારે અનંત જન્મના પુણ્યનો જયારે ઉદય થાય છે ત્યારે આવા મોક્ષદાયી નગરીની અંદર જે પવિત્ર નગરીની અંદર જે કુંભ નગરીની અંદર આવો જે મહોત્સવ ઉજવવાનો અવસર પ્રાપ્ત થાય છે.

તો આજથી સોળ વર્ષ પૂર્વે જે સ્વામીજીએ આ પોતાનું પાંચ ભૂતોનું કલેવર છોડીને જે વિદેહ કૈવલ્ય મોક્ષ પદને પ્રાપ્ત થયા અને સંસારની અંદર જો સર્વોત્રિષ્ઠ અને સર્વશ્રેષ્ઠ જે પદ હોય તો આ મોક્ષ પદ છે. સંસારનાં જે તમામ પદ છે તે બધાય કયારે એમાંથી ઉતરી જાવું પડે એની કોઈને ખબર નથી અને એ પદો બધા છે એ બધા નાશવંત છે.

**''સત્તા આવે આફત લાવે,**
**આફત આપી પાછી જાવે.**
**એવી સત્તામાં શું સાર અર્જૂન સાંભળો રે,**
**ઉપર બેઠા સત્તાધારી નીચે પડવાનો ભયભારી**
**એવી, સત્તામાં શું સાર અર્જુન સાંભળો રે.''**

તો સંસારની બધી સત્તા છે એ તો બધી પડવાવાળી છે. પરંતુ તો સર્વેત્રિષ્ઠ સત્તા હોય તો આ મોક્ષ પદ છે ત્યાંથી કયારેય પડવાનો ભય નથી ને ભગવાન શ્રી કૃષ્ણ શ્રીમદ્ ભગવત ગીતાનાં પંદરમાં અધ્યાયમાં કહે છે.

**''યદ્ગત્વા ન નિવર્તન્તે, તદ્ધામ પરમં મમ.''**

જે આ પદ એવું છે કે એકવાર ત્યાં ગયાં પછી

એક વાર તેને પ્રાપ્ત કર્યા પછી કયારેય ત્યાંથી પાછું આવવું પડતું નથી. તો જે આ પદ છે એ જો બધાને પ્રાપ્ત કરવું હોય તો એ કઈ રીતે થાય તો જે આજનો વિષય છે તે ગુરુ ભક્તિ છે. મનુષ્ય જયારે ગુરુ ભક્તિ કરે છે ત્યારે જ તે આ પદનો ભાગીદાર થાય છે. કારણ કે,

**''ઋિતે જ્ઞાનાન્ન મુક્તિઃ''**

**''જ્ઞાનાદેવ તુ કૈવલ્યમ્''**

**''તમેવ વિદીત્વાઽતિ મૃત્યુમેતી નાન્યઃ પન્થા વિદ્યતેઽયનાય''**

જો જ્ઞાન પ્રાપ્ત કર્યા વગર પરમાત્માને જાણ્યા વગર કોઈ બીજો માર્ગ નથી કે તમે પરમાત્માના પદને પ્રાપ્ત કરી લ્યો અને જે જ્ઞાન છે એ ગુરુજી વગર સંભવ નથી. તો એ જ્ઞાન છે એ કયા રહેલું છે તો આપણે જે રોજ ગુરુ ગીતાનો પાઠ કરીએ છીએ એમાં બોલીએ છીએ.

**ગુરૂવક્ત્રે સ્થિતા વિદ્યા ગુરૂભક્ત્યા ચ લભ્યતે ।**
**ત્રૈલોક્યે સ્ફુર્ન વક્તારો દેવાધસુરપન્નગાઃ ॥**

જે આ બ્રહ્મવિદ્યા છે એ ગુરુજીના મુખની અંદર રહેલી છે અને એ કોણ પ્રાપ્ત કરે છે કે જે ગુરુ ભક્ત છે જે ગુરુજીની સેવા તન-મન-ધનથી કરે છે તેને જ એ વિદ્યા પ્રાપ્ત થાય છે. અને ત્રણ લોકની જે અસુર પન્ગા આદી બ્રહ્મવિદ્યાના ઉપદ્રષ્ઠા સદ્ગુરુ વિના છે નહિ. તે વિષે આજનો વિષય છે તે ગુરુ ભક્તિ છે અને જયારે એ મનુષ્ય ગુરુભક્તિ કરે છે ત્યારે જ આ સંસારનો અંત આવે છે. કારણ કે મનુષ્ય અનંત કાળથી અજ્ઞાન રૂપી અંધારાની અંદર આતરતો આવ્યો છે અને જયારે એ સદ્ગુરૂના જ્ઞાનથી એ પ્રકાશ થાય છે ત્યારે જ એનાથી મુક્ત થઈ શકે છે. જેમ તમારે રાત્રિના અંધારાને હટાવવું હોય તો તમે ગમે તેટલો પ્રકાશ કરો ગમે તેટલી ગોળી ફોડો, તલવાર સમળો છતાં પણ જયાં સુધી સૂર્યનારાયણ ભગવાનનો ઉદય થતો નથી એ રાત્રિનો સંપૂર્ણ પણાથી નાશ થતો નથી. તેમ જીવનની અંદર તમે ગમે તેટલું કરો. કર્મ કરો, જપ કરો, તપ કરો, વ્રત કરો, યજ્ઞ કરો, દાન કરો છતાં પણ જયાં સુધી ગુરુજીની ભક્તિ કરવામાં આવતી નથી. ત્યાં સુધી એ જ્ઞાન થતું નથી અને જયાં સુધી જ્ઞાન થતું નથી ત્યાં સુધી એ અંધારાથી નિવૃતિ મળતી નથી એટલે હંમેશા મનુષ્યે તન-મન-ધનથી ગુરુજીની ભક્તિ કરવામાં આવે તો મનુષ્ય આ સંસાર સાગરથી પાર થઈ શકે છે. એટલે કીધુંને કે,

**તન મન ધન જેણે સોપીયા, સદ્ગુરુજીને હાથ,**
**કહે પ્રિતમ તે પદ પામીયા, બ્રહ્મ પદનો રે સાથ,**
**સાંભળ શુધ્ધ ચિત્તે.....**

તો હંમેશા મનુષ્યએ ખાસ કરવા જેવી હોય એ સદ્ગુરૂની ભક્તિ છે એ જ પ્રયત્ન છે અને સદ્ગુરુના ગુણ શાસ્ત્રો પુરાણો મહાપુરુષોએ હંમેશા ગાયા કરે છે એટલે કીધું,

**ગુરુની કૃપાથી સમરથ બન્યા રામકૃષ્ણ અતારો રે,**
**સુકસનકાદિક નારદ શારદ...(૨),**
**ગાય છે ગુણલા તમારા રે,**
**ગુરુજી મારી ડુબતી નૈયાને તારો રે....**

જે જે મહાપુરુષો થયા છે એણે બધાયે જ ગુરુજીનું શરણું લીધું છે ત્યારે જ એ પૂર્ણતાને પ્રાપ્ત થયા છે ભગવાન રામચંદ્ર થઈ ગયા એણે પણ સદ્ગુરુનું શરણું લીધુ હતુ વશિષ્ઠનું ચરણું લીધુ હતુ અને ભગવાન જે કૃષ્ણ છે એને પણ એટલે કીધું ને

**''ગોવિંદ થકી ગુરુ અધિક છે, વેદ પ્રકાશા,**
**કૃષ્ણ ઋક્ષમણિ રથે જુતા બેઠા ગુરુ દુર્વાસા,**
**સદ્ગુરુ હે સાચા,મનતુ કરી લેને દ્રઢ વિશ્વાસા**
**તારી સફળ કરે સબ આશા,**
**સદ્ગુરુ સાચા હે સાચા.''**

જો હંમેશા મનુષ્યે મુક્ત થવું હોય તો જે સદ્ગુરુની ભક્તિ છે. સદ્ગુરુના વાક્યો છે સદ્ગુરુના ઉપદેશો છે એનું હંમેશા મનન કરે તો મનુષ્ય હંમેશા મુક્ત થઈ શકે અને શિષ્ય પરમ કર્તવ્ય છે કે જે ગુરુજીની આજ્ઞાનું પાલન કરવું જે ગુરુજીએ ઉપદેશ આપ્યો છે એ ઉપદેશ અનુસાર હંમેશા એનું પાલન કરવું એ સદ્ગુરુની પરમ ભક્તિ છે અને ત્યારે જ મનુષ્ય આ તમામ દુઃખોમાંથી મુક્ત થઈને પરમ પદનો ભાગીદાર બને છે.

સદ્ગુરુ દેવની જય...

**પ.પૂ.સ્વામીશ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજ**

**ૐ તત્સત્ સદ્ ગુરુવે નમઃ ગુરુવે નમઃ સદ્ગુરુવે નમઃ**
**માધવાનંદ સદ્ગુરુવે નમઃ ૐ તત્સત્ઃ સદ્ગુરુવે નમઃ**
**ચિદાનંદ સદ્ગુરુવે નમઃ શિવોહંસાગર ગુરુવે નમઃ**
**ૐ તત્સત્ સદ્ગુરુવે નમઃ ગુરુવે નમઃ સદ્ગુરુવે નમઃ**
**અખંડાનંદ સદ્ગુરુવે નમઃ ૐ તત્સત્ સદ્ગુરુવે નમઃ**

પરમ પૂજ્ય અનંત શ્રી વિભૂષિત શ્રોત્રિય શ્રી માધવ પિઠાધિપતી પૂજ્ય પાદ સ્વામી મહારાજશ્રી તથા સંતવૃદ - પ્રિય સજ્જનો આપણે ઉજ્જૈન જે સાત મોક્ષ દાયીની નગરી કહેવાય એમાં ઉજ્જૈન નગરી ક્ષિપ્રા નદીનો પરમ પવિત્ર તટ અને એમા આપણા પુજ્ય મહારાજશ્રીની તિથિ જેનો સુંદર યોગ આજે પહેલા તો હું એની વિશેષતા જાહેર કરું કે ગુરુ ભક્તિના વિષયમાં આ એક વિજળીના ચમકારા જેવું ચોઘડીયું બાર બાર વર્ષે એક વખત આવે એવું આ ચોઘડિયું અને ગુરુભક્તિમાં જેમણે પોતાના હૃદયનું બલિદાન આપી અને અહીંયા જે શ્રી કાનજીભાઈ તથા શ્રી વાલજીભાઈ તથા શ્રી દિનેશભાઈ અણઘણ પરિવાર દ્વારા અહિંયા જે ઉજ્જૈન નગરીમાં એમણે જયાં સ્વામીજીની તિથી નિમિતે આ એક બાર વર્ષે એક જે આ વખતે અવસર મળ્યો એ ખરેખર પરમ ભક્તનું એક અદ્ભુત દિવ્ય સુત્ર છે અને આજ ભક્તિના માધ્યમથી ખરેખર આપણે હૃદયના ભાવને વ્યક્ત કરી શકીએ છીએ તો આમણે જે લાભ લીધો એ દિવ્ય લાભ છે ખરેખર આવો લાભ મળી શકે નહી. તમે ને મે આપણે બધાયે ઘણુ જીવનમાં અનુભવ્યું છે. "વને વને ચંદન ના હોય, એમ એકગુરુ બીજા ગુરુ અઢાર લાખ હુવારે હો હો જી." અહીંયા એક ગુરુ બીજો ગુરુ ગુરુ અઢાર લાખ થયા પણ અહીંયા કબીર એવું કહે છે.

**''જ્ઞાની થયા પણ પાના નહી,**
**જ્ઞાની થયા મેરે હા... હા... હા...**
**કાન ફુકી ફુકી મૂઆ કબીર કહે,**
**ઈ રે મારગ નથી જોવા રે....**
**હો હો હો જી....''**

એક ગુરુ બીજા ગુરુ અઢાર લાખ ગુરુ આ પૃથ્વી ઉપર ગુરુનાં રાફડા ફાંટ્યો તમે જાવ આમ અત્યારે મેળામાં દર્શન હોય, પ્રદર્શન હોય અને આકર્ષણ પણ હોય આમા જો જો તમે જગ્યાએ. જયા જાવના ત્યા બધેય પણ અહીંયા શ્રીમત ગુરુ જેણે તમને ને મને,

**અખંડઆનંદની ધૂન જેને લાગી (૨)**
**સોહં શિવોહંની લગની લાગી (૨)**
**એવા મારા ગુરુજીના ગુણલા ગાઉ,**
**સદ્ગુરૂ ચરણોમાં પાય રે લાગુ (૨)**

શિવોહં સાગર સ્વામીજીના શરણોમાં એવી ધૂણી ધખાવી અને અખંડ આનંદની આવી ધૂણી ધખાવીને તમને ને મને આપણને બધાને એમણે કેવો આનંદ આપ્યો. જયારે જયારે એમણે કાંઈ પણ આપણને જ્ઞાન આપ્યુ ને ત્યારે એના શબ્દનો મર્મ કદાચ તમે ત્યાં સાંભળો તો એ મર્મ કદાચ તમને ને મને સમજાયો કે ના સમજાય પણ એમના શરીરની ઉપરની હવા એનો વાયરો આપણને અડે ત્યાં રોમાંચ થાય રૂવાડા બેઠા થાય હૃદયની અંદર એક દમ ઊભરો આવે ને આનંદ આવે અને હંમેશા આપણને આનંદમાં રહેવાનું જ જ્ઞાન આપ્યું અને આવી અનુભૂતી એક વાત કહી દઉ જેની પાસે જેના કુવામાં જે હોય ઈ આવે. આપણા કુવામાં રાગ દ્વેશ હોય, ઈર્ષા અદેખાઈ હોય, કેતો તો ને કેતીતી તો આપણા કુવામાંથી એવું નીકળે પણ સ્વામીજીના હૃદયમાં એક જ વસ્તુને એક જ આનંદ એ એણે આપણને કીધું એક માત્ર આનંદમાં રે જો બીજી કાંઈ કરશો નહિ.

**આનંદમાં રહેજો રે મારા સહુને સચ્ચિદાનંદ**

આ એક સૂત્ર જો આપણને યાદ રહી જાય અને આ એક સૂત્ર ઉપર જો આપણે થોડુક મોઢુ આમ હસીને કોઈના હૃદયમાં વસીને કારણ વગરના ખસીન ઘણા લોકો છે ને ખસી જાય મોઢું એવું બગાડીને કાળુ મસ કરે. પણ એક વખત યાદ રાખજો સ્વામીજીએ આપણને એવો આનંદ આપ્યો છે ને એ આનંદ માટે હંમેશા આ એક શબ્દ ઉપર ભાર દઈને કીધું છે,

**''આનંદ કો ઘર પાયો,**
**અબ મોહે આનંદ કો ઘર પાયો,**
**જબ કૃપા ભઈ સદ્ગુરુ કી,**
**નિર્ભય નિશાન બજાયો,**
**અબ મોહે.... આનંદ કો....''**

સાચું પાયો છે ? આજ પછી મોઢું આમ નામ થોડુક પહોળું જ રાખજો હવે જો કરમાંઈ ગયુંને આટલી આટલી ગરમીની અંદર વિચાર તો કરો સ્વામીજીએ આપણા ઉપર કેવી કૃપા કરી છે, કેવી કરૂણાનો ધોધ વરસાવ્યો છે કે કોઈ પણ પ્રકારે તમે ને હું ગમે ઈ આંધી તુફાનમાં ફસાઈ ગયા હોય તો સ્વામીજીએ આના ઉપર બહુ ભાર મૂક્યો છે. ખબર છે ને ? સ્વામીજી જયારે જયારે પ્રવચનના શબ્દ બોલે ત્યારે એની વાણી એવી હૃદય સ્પર્શી લાગેલી આવે અમીના ઓડકાર એવી તૃપ્તીનો અનુભવ થાય ત્યારે સ્વામીજી ભાર દઈ ગંગાસતીના ભજન ઉપર ભાર દઈ મક્કમ કરાવતા,

**મેરુ રે ડગે પણ જેના મનડા ડગે નહી પાનબાઈ,**
**ભલે ને ભાંગી પડે બ્રહ્માંડ રે...**
**વિપતો પડે તોય વણસે નહી ને રે,**
**સોય હરિજનના પ્રમાણ,**
**મેરુ રે ડગે પણ જેના મનડા ડગે નહી....**

આ એક સૂત્ર ઉપર સ્વામીજીએ બહુ ભાર દઈને કીધુ છે. એટલા માંથી શરીરના સુખે સુખી નહી ને શરીરના દુઃખે દુઃખી નહિ. તમને થતુ હશે સ્વામીજી આ સૂત્રપર ભાર દઈ આપણું વ્યસન મુકાવવા માટે સુકામ ભાર દેતા હશે. આનો અર્થ એટલો થયો કે તમે ને હું આપણે કીધુ શરીર નહી આત્મા છું એનું પ્રમાણ શું ? પેલું પ્રમાણ એ કે આપણી અંદર કોઈ વ્યસન હોવું જોઈએ નહી. જો વ્યસન હશે તો સમજી લેવું તમે ને હું પોપટીયુ જ્ઞાન બોલીયે તો છીએ. હું આત્મા છું. હું આત્મા છું. પણ હારે હારે રહ્યો રહ્યો શું કરું છું. કયો મસળી નાખું છું. આ જ્ઞાનને મસળી નાખેને બીડી મસળીને મોઢામાં નાખે એટલા માટે તમે મર્દાનગીનો જો અનુભવ કરવા માંગતા હોય તમારી અંદર જો ખરેખર આત્મા તત્ત્વ હોય તો સ્વામીજીએ મડદા બેઠા થાય એવું જ્ઞાન આપ્યું છે.

**કાયર થઈને શાને સૂતો છે,**
**મહાશક્તિ વસે છે તારાતનમાં**
**શાને ચિંતા કરે છે તું મનમાં...**
**દીનતા ને હીનતા દૂર હટાવો,**
**આત્મ શક્તિ જગાવો જીવનમાં.**
**શાને ચિંતા કરે છે તું મનમાં...**

એક એક શબ્દનો મર્મ સમજો મહા શક્તિ વસે છે તારા તનમાં દીનતા ને હીનતા દરીદ્રતા, કાયરતા આ બધી લઘુતાગ્રંથીનો ત્યાગ કરી અને શૂન્યમાંથી સર્જન કરી શકાય એવા સૂત્રો સ્વામીજીએ આપણને શીખવાડયા છે. એ તો ખરેખર આપણે ભાગ્યશાળી છીએ ને એવા સમર્થ ગુરૂ મળ્યા ને જો હજી આપણે એવા ને એવા દરીદ્ર રહી ગયા તો આના ઉપર આપણે શું કરવું જોઈએ, ખબર આવા ગુરુ મળ્યા સમર્થ ગુરુકર્ણ ધારણ અને આવો અવસર મળ્યો અને આવો અવસર મળ્યા પછી પણ પામ્યા નહી તો **સઆત્માઃ** ભાગવત એમ કે છે કે આત્મ હત્યારો કહેવાય એટલા માટે આજથી આપણે ગાંઠ વાળીએ સ્વામીજીના ચરણોમાં આજથી આપણે મકમ નક્કી કરીએ કે જીવનની અંદર મને ને તમને જો ગુરુજીના વચન ઉપર વિશ્વાસ હોય અને આપણે જો કોઈ ઘણા લોકો એવું કરે વ્યસન મૂકી દે પંદર દિવસ મહિનો છ-છ મહિના મૂકીને પછી કે હવે મારુ કામ નથી.

શોર્ટકટમાં એટલું સમજી લઈએ કે અમર થાય જેમ આત્મા એવો કરજે ઉપાય આ સ્વામીજીએ આપણને સૂત્ર આપ્યુ છે એ ઉપર ખરેખર જીવનની અંદર જો આપણે ક્રાંતિ કરવી હોય તો અંતરમાં રહેલી ભ્રાંતિમાંથી બહાર નીકળવું પડશે અને એ ભ્રાંતિમાંથી બહાર નીકળ્યા વિના ક્રાંતિ નહી થાય અને ક્રાંતિ નહી થાય. ત્યાં સુધી સંસ્કૃતિને નિર્માણ આપણે કરી શકવના નથી. પૂજ્ય સ્વામીના ચરણોમાં આપણે આજ સાંચી શ્રધ્ધાંજલી ત્યારે જ અર્પણ કરી કહેવાય. પરંતુ સમય બહુ ઓછો છે અને જીવન સાર્થક કરવાનું છે તો અહીંયા બોલવા નોય સમય ઓછો છે ને જીવનનો સમય ઓછો છે કે કયારે જતુ રહેવાનું થાય કાંઈ નક્કી નથી એટલે

**કાલ કરંતા આજ, આજ કરંતા અબ**
**મૂલ વિનાનું ધોકડું ગીર જાયેગા કબ.**

એનું કાંઈ નક્કી નહી. પણ શોર્ટકટમાં કહી દઉં.

**વાણી શકે નહીં વર્ણવી,**
**મારા સદ્ગુરૂ કેરૂં સ્વરૂપ ।**
**મન બુધ્ધિ પહોંચે નહી ઉપમારહિત અનૂપ ॥**

## પ.પૂ.સ્વામીશ્રી વિવેકાનંદ સાગરજી મહારાજ

પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ સચ્ચિદાનંદ સ્વરૂપ શ્રી માધવ પીઠાધિપતિ પુજ્ય સ્વામીજી મહારાજશ્રી.

આ હું ને તમે બધાય આ ધોમધોમતા તકડામાં સુવર્ણ એવા જયંતિ મહોત્સવ ઉજવવા માટે એકત્રિત થયાં છીએ. ગરમી ફુલ છે. ઘણા બધા દુરથી કામ છોડીને અને અહીં આવી આ સુંદર અવસરનો લાભ લેવા માટે એકત્રિત થયા છીએ. બધાને ખૂબ ખૂબ ધન્યવાદ આવો ને આવો સૌમાં હંમેશા ભગવાન બધાને રૂડો અવસર લેવાનો લાભ આપે એવી ભગવાનના ચરણોમાં પ્રાર્થના કરીએ. અવસર આપણે બધાયે ઘણી બધી જગ્યાએ કર્યા એમાં આ ઉજ્જૈન કુંભ મેળામાં આપણે બધા એકત્રિત થઈને આ સુંદર આયોજનનો લાભ લઈએ છીએ. મન મૂકીને લાભ લઈએ. કાલે કોઈએ કીધું હતું. આ સંપૂર્ણ લાભ લેવો હોય કોઈ માણસને ઘડામાં પાણી ભરવું હોય અથવા દૂધ ભરવું હોય તો એની પેલા ઘડો સાફ કરી ખાલી કરવો પડે. ત્યારે એમાં જે દૂધ, અમૃત કે પાણી જે ભરી શકે તે સારી રીતે ભરી શકે. અન્યથા કદાચ દૂધ ભરવા જાય ઘડો ખરાબ હોય તો તેમાં ભરેલું દૂધ બગડી જાય છે. એનો કરેલો પ્રયત્ન નિષ્ફળ જાય છે. એક સામાન્ય વ્યવહારિક વાત છે. પૂજ્ય પાદશ્રીની આપણે અહીંયા જે નિર્વાણ જયંતિ મહોત્સવ ઉજવવા આવ્યા ખૂબ ખૂભ ધન્યવાદ ફરીવાર આપું છું પણ એમના શબ્દો યાદ કરીએ કે તે હંમેશા આપણને શું કહેતા. બેસીને શાંત મનથી વિચાર કરીએ આપણને સુખ કેવું થાય. બસ એટલું યાદ આવશે તો આપણે નિર્વાણ જયંતિ મહોત્ત્સવ કરવા આવ્યા એ સાર્થક થઈ જશે. એનો મુખ્ય ઉદ્દેશ ખાલી આપને સ્મરણ કરવાવું. આપણે એનો કેવલ લક્ષ માત્ર એટલું જ હતું કે પ્રત્યેક ઘટ ઘટમાં સચ્ચિદાનંદ પરમબ્રહ્મ પરમાત્મા બીરાજમાન છે. એ જ એનું કેવાનું લક્ષ હતું. ઉપદેશ આપવાનો માત્ર જો કઈ એનો ધ્યેય હતો એટલો જ ધ્યેય હતો કે પ્રત્યેક વ્યક્તિ એટલું સમજી જાય કે આ કણ કણમાં રહેલો પરમાત્મા બીજો નથી. એ જ પોતે છે. એમ સમજી લે બસ આ સમજાવવા માટે એને જીવનના છેલ્લી ક્ષણ સુધી પ્રયત્ન કર્યો. કયારેય કોઈ પણ સમયમાં કોઈ પણ જગ્યાએ એમણે કોઈ દિવસ એવું અભિવ્યક્ત નથી કર્યુ કે આમ છે કે તેમ છે. હંમેશા એ ઉદેશ આપવાનો ધ્યેય એટલો જ રાખતા સામેવાળા વ્યક્તિ સચ્ચિદાનંદ ઘન છે. પ્રત્યેક કણકણની અંદર એટલું સમજાવવા માટેનો પ્રયત્ન કરતા. આપણને બધાને ઉપદેશ આપીને સમજાવતા આ બધામાં રહેલો પરમાત્માએ સચ્ચિદાનંદ ઘન સ્વરૂપ જ છે. બીજો કોઈ નથી એટલું સમજો બસ આ જ એ સમજાવવા શીખવાડયું અને પછી કહેતા **''સીચારામ મય સબ જગ જાનું, કરુ હુ પ્રણામ જોડી જુગ પાની.''** આટલું સમજાય જાય તો પ્રયેક વ્યક્તિનું મસ્તક બધાની સાથે જુકી જાય. આ બીજુ કોઈ નથી પરબ્રહ્મ પરમાત્મા છે એ સિવાય બીજુ દેખાય નહી અને કુંભના મેળાનું મોટામાં મોટું મહત્ત્વ આ છે. કુંભના મેળામાં પ્રત્યેક સંત આવીને પ્રત્યેક વ્યક્તિને પરમાત્માના દર્શન કરાવે છે. તમે એની વેશભૂષા ન જોશો એના આચાર વિચાર ન જોશો એમાં રહેલો પરબ્રહ્મ પરમાત્માને જોશો તો એ પરમાત્માના દર્શન થશે. અરે ભલા આદમી નાટક કરતા હોય ત્યારે કોઈએ કેવા કપડા પહેર્યા હોય કોઈએ કેવા કપડા પહેરી અને નાટકમાં જુદા જુદા સ્વરૂપે આવે, ત્યારે નાટકની મજા આવતી હોય છે. એમ પરબ્રહ્મ પરમાત્મા મેળાનું નાટક કરી ઘણા બધા સંતો ઘણા બધા રૂપો લઈને આવે આપણી સમક્ષ આપણને દર્શન દેવા આવે અને આપણુ મન સ્વામીજીના ચરણોમાં આવી જાય. આ બીજો નાટક કરીને આવે છે તે કેવા વેષમાં ભગવાન સ્વરૂપ આવ્યો છે લાવ હું એને વંદન કરું એવું મન જ્યારે થઈ જાય ત્યારે સમજો કે કુંભનો મેળો સાર્થક થયો. ઘણા ઘણા રૂપોમાં આપણને દર્શન દેવા આવે છે. એમાં આપણે રહેલા પરમાત્માને આપણે જોવાનો છે અને એની પાસેથી કાંઈ ગુણ ગ્રહણ કરવાના છે કયાં કયાં દેશમાંથી કયા કયા ખૂણેથી અહીં આવે છે આપણે શું ત્યાં જોવા જવાના હતા ? એટલા માટે તો આ

આયોજન હોય છે એની ટીકા ટીપ્પણી કરવા માટે નથી યાદ રાખજો કે એ થશે તો સમજજો કે તમારો ફેરો વ્યર્થ થશે અને મનમાં આપણે સમજી લેશું કે ગુરુ મહારાજના શબ્દોને યાદ કરી તો પ્રત્યેક વેશ ભૂષામાં રહેલો પરબ્રહ્મ પરમાત્મનાં દર્શન થશે અને આપણને આનંદ આવશે જો એ કેવા સ્વરૂપમાં બિરાજમાન છે, કેવી એની ભાષા છે કેવા એના રંગરૂપ છે એ બધામાં સૃષ્ટિનું આપણને વર્ણન દેખાશે. વિરાટ સ્વરૂપમાં પરમાત્માના દર્શન થશે. આ જ મહત્ત્વ છે આપણે અહી તિથિ કરવાનું આયોજન કર્યુ. અહી તિથિ કરી અને પૂજ્યપાદ શ્રીના શબ્દોને યાદ કરીએ અને એ યાદ કરી અને મસ્તી આનંદથી બધાના દર્શન કરવામાં આપણને આનંદ આવશે અનેરો આનંદ આવશે. સવારે જાવ સાંજે જાવ ને ભસ્મ લગાડી હોય નિંવસ્ત્ર હોય બધાના દર્શન કરવા કે જો પરમાત્માનું વિરાટ સ્વરૂપ કેવું છે ? પરમાત્માએ કેવું વિરાટ સ્વરૂપ કરી અને મારી સમક્ષ દર્શન દેવા માટે મને અહી આવ્યા છે. બધાના દર્શન કરી અને સાચા મનથી ત્યારે દર્શનનો લાભ થશે અને ગુરુ મહારાજશ્રીએ આપણને આજ શીખવાડયું. ગુરુ મહારાજે માત્ર આજ શીખવાડયું કે તમે કણ કણમાં મારા દર્શન કરશો અને એની જયારે આપણે એ દર્શન કરવાની અને ગુરુ મહારાજના શબ્દો પર વિશ્વાસ કરીએ. ત્યારે સાચી શ્રદ્ધાંજલી. વિવેક ચૂડામણીમાં કહ્યું છે,

**शास्त्रस्य गुरूवाक्यस्य सत्यबु द्धयवधारणम् ।**
**सा श्रद्धा कथिता सटिभर्यथा वस्तुपलभ्यते ॥ २६ ॥**

શાસ્ત્રની અંદર અને ગુરુ મહારાજના વાક્યની અંદર જેની સત્યમતી થઈ છે. અવાવસ્થ ઉપલભ્યતે એનાથી પરમાત્માની વસ્તુની પ્રાપ્તિ થશે. અને એને લાભ લઈ અને અનેરો લાભ લઈ વસ્તુથી પોતાના ગંતવ્ય સ્થાન પર જશો અને આજે આ મૂળ રૂપથી આપણે બધાએ આ સુંદર અવસરનો લાભ લીધો એ લાભ લેવા બધાય વધારે એવો આનંદ મસ્ત થઈને રહીએ એવું જીવન બનાવીએ અહીં મારી વાણીને વિરામ આપું છું.

## પ.પૂ. સ્વામીશ્રી પ્રકાશાનંદ ગીરીજી મહારાજ

ખરેખર આજે બહુત કસોટી છે પરમ પૂજ્ય વંદનીય અર્ચનીય અનંત શ્રી સ્વામી ગુરુજી મહારાજના સોળમાં નિર્વાણ દિવસે આપણે દૂર દૂરથી આવ્યા છીએ ગરમીની અંદર ગુરુ મહારાજનો પ્રેમ આપણને ખેંચી લાવ્યો. કયાં ગુજરાત કયાં મધ્યપ્રદેશ ઉજ્જૈન નગરી મહાકાલેશ્વર મહાદેવ ક્ષિપ્રામૈયાનો કિનારો એમાં પણ સ્વામીજીની તિથી આવી છે. પહેલા પ્રથમ તો એ આ આયોજન જેણે કર્યુ છે આ કાનજીભાઈ, વાલજીભાઈ અણઘણ પરિવાર બહુત બહુત ધન્યવાદ કેમ કે ગુરુજીનાં તિથિ નીમીતે અહી આયોજન કર્યુ છે પરંતુ સાથોસાથ તા. ૧૪-૪-૨૦૧૬ સમષ્ટિ ભંડારો કર્યો તેનો ખર્ચો પણ એનો જ છે. ભગવાન એમને વધારે વધારે ધન આપે પૂજ્ય ગુરુજીના તથા અમારા આર્શીવાદ પૂજ્ય જગદીશાનંદ મહારાજના આશીર્વાદ સંતના આશીર્વાદ **બીજુ ગુરુ ભક્તિ વિષય છે.** ગુરુજી મહારાજની આજ્ઞાનું પાલન કરવું તો ખરેખર હું કાલનો જીવ છું કે સ્વામીજી પૂજ્ય મહારાજ ગુરુ મહારાજની આજ્ઞા આશીર્વાદ જગદીશાનંદ મહારાજની આજ્ઞાથી ઉજ્જૈન નગરીમાં આશ્રમ બનાવવાનું જે આયોજન કર્યુ છે સ્વામી મહારાજે શરીર છોડયું એને ૧૬ વર્ષ થઈ ગયા. હું જોતો આવું છે આ વખતે સ્વામીજી મહારાજના એવા સુંદર આશીર્વાદ એવી સુંદર ઉજ્જૈન નગરીમાં આશ્રમ બનાવાનો થયો. આટલો ફાળો કયારેય થયો નથી અને જેને આપણે કહીએ સ્વામીજી મહારાજને કહેલું અને યશ થઈ ગયો એ જ તે ગુરુની ગુરુભક્તિ છે. ગુરુ મહારાજની આજ્ઞાનું પાલન કરવું એજ મહાન મોટી ગુરુભક્તિ છે એજ શ્રદ્ધાંજલી કહેવાય છે ગુરુ મહારાજની આજ્ઞાનું પાલન કર્યુ અને

**ગુરુ પદ પંકજ પૂજતાં ચૌદેલોક પુજાય,**
**શિવ વિરંથીને શારદા ગુરૂના જશ ગાય.**

બ્રહ્મા વિષ્ણુ મહેશ પણ ગુરુ ઉપાસના કરે છે ગુરુ ભક્તિ કરે છે એ આપણે બોલીએ છીએને,

**ગુરુ બ્રહ્મા ગુરૂ વિષ્ણુ ગુરૂર્દેવો મહેશ્વરઃ**
**ગુરુસાક્ષાત્ પરંબ્રહ્મ તસ્મૈ શ્રીગુરવે નમઃ**

બ્રહ્મા વિષ્ણુ મહેશ છે એ ગુરુ ઉપાસના કરે છે ગુરુથી પરે સંતો કહે છે. સબસે બડી પૃથ્વી હે પૃથ્વી-

**પૃથ્વી કા સે બડી શેષ નાગ સે ખડી,**
**શેષ નાગ કહા સે બડા શંકજી કા કડા,**
**રાવણ કા સે બડા રામ સે મારા,**
**રામ કા સે બડા ગુરુદ્વાર પર ખડા**

ગુરુની મહિમા ગુરુ ભક્તિ અનેક વરદાની છે ભગવાન ભી ભક્તિ કરી છે. ઘણા સંતો ભી કરે છે અને આપણે ભી જેટલી બને એટલી કરવી. ભક્તિ છે ને એટલે જ તે આ બધા ગરમીમાં આવ્યા છે. તકલીફ પડી હોય, ટીકીટ મળી ન હોય, એકલા આવ્યા હોય, તકલીફ છે ચાલતા આવ્યા હોય, તકલીફ છે છતા ભી આપણે અહી સુધી પહોચ્યા છીએ એ મહાન મોટી ગુરુ ભક્તિ છે. તો ભક્તિ વધતી રહે, ભાવના વધતી રહે, શ્રદ્ધા વધતી રહે, જ્ઞાન વધતું રહે ગુરૂએ જ્ઞાન આપ્યું છે એનું મનન કરો નિદિધ્યાસન કરો, ચિંતન કરો કેમ કે અમૃત છે જો કાલે કીધું હતું ને અમૃત હોય ને આ ચાર જગ્યાએ પડેલું છે. ઉજ્જૈન, હરિદ્વાર, નાસિક, ત્રંબક, પ્રયાગ જયારે ઈન્દ્રનો પુત્ર જયંત અમૃતનો ઘડો લઈને જાય છે ને એ ચાર જયાએ ભારતની અંદર અમૃતના છાંટા પડેલા એટલા માટે આજ કુંભ મેળો થાય છે. બાર વિદેશની ગુરુ ભક્તિ નહી ગુરુ શક્તિ નહી અને ભગવાન છે નહી ભારત ભૂમીની અંદર સંતોનો વાસ છે, ગુરુઓનો વાસ છે, કુંભ મેળો એટલા માટે થાય છે કે સત્સંગ થાય એક મહીનો કલ્પ વાસ કરો તમે અહી રહો વનવાસ કરો અને ભક્તિ કરો ક્ષિપ્રા સ્નાન કરો.

ભક્તિ કરી ગુરુ મહારાજની આજ્ઞાનું પાલન કરો તો આજ્ઞા પાલન થાય છે એ જ ગુરુ મહારાજના ચરણમાં શ્રદ્ધાંજલી છે તો ભગવાન પાસે આપણે એવી પ્રાર્થના કરીએ સૌ સદ્‌ગુરુ મહારાજ આપણને ખૂબ ખૂબ આર્શીવાદ આપે સાથે જલ્દી જલ્દી ઉજ્જૈનની અંદર આશ્રમ ઊભો થઈ જાય અને બીજી વાર આપણે આવી એને મૂર્તિ પ્રતિષ્ઠા થાય એવી પ્રભુ પાસે ગુરુ મહારાજની પ્રાર્થના છે.

**ૐ પૂર્ણમદઃ પૂર્ણમિદં પૂર્ણાત્પૂર્ણમુદચ્યતે**
**પૂર્ણસ્ય પૂર્ણમાદાય પૂર્ણમેવાવશિષ્યતે**
**ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ**

## પ.પૂ.શ્રી ૧૦૦૮ માધવપીઠાધીપતિ સ્વામીજી મહારાજશ્રી

ૐ ભદ્ર નો અપિવાતય મનઃ
ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

પરમ આદરણીય વિશ્વવંદનીય સંતવૃંદ તથા પ્રિય સજ્જનો પરબ્રહ્મ પરમાત્માની મહતી અનુકંપાથી આપણે બ્રહ્મલીન સદ્‌ગુરૂ મહારાજશ્રીના સોળમાં નિર્વાણ જયંતિના ઉપક્ષની અંદર આપણે શ્રદ્ધાંજલી અપવા આપણે એકત્રિત થયા છીએ. અને એ એકત્રિત થઈ અને મહાપુરુષના મુખારવિંદથી આપણે સ્વામીજી મહારાજશ્રીના ચરણોની અંદર શ્રદ્ધાંજલી અર્પણ કરી એ આપણે શ્રવણ કર્યુ એમાં તો મારે જાજુ ન કહેતા મારે તો કેવલ જાહેરાત જ કરવાની છે. કેમ કે મહારાપુરુષોએ બધુ જ આપણને કહી દીધું અને એ આપણા જીવનમાં જો ઉતરે અને સદ્‌ગુરુ મહારાજ આપણા જીવનની અંદર ઉતારવાની શક્તિ પ્રદાન કરે તો એ જીવનની અંદર લાભ થઈ શકે છે. કે જેટલું બને એટલું આપણે મહાપુરુષોના વચનને આપણા જીવનમાં ઉતારી અને કલ્યાણના ભાગીદાર થવા માટે પ્રયત્ન કરીએ અને જે આપણે તન, મન, ધનથી સેવા કરીએ છીએ એ બ્રહ્મપદને પ્રાપ્ત કરવા માટે ઉત્તમમાં ઉત્તમ સાધન છે. પ્રિતમદાસજીએ કહ્યું,

**તન, મન, ધન જેને સોંપીયા સદ્‌ગુરુજીને હાથ,**
**કહે પ્રીતમ તે પામીયા બ્રહ્મપદનો સાથ....**
**સાંભળ શુદ્ધ ચિતે...**

તો શરીરથી મનથી અને ધનથી તન, મન, ધન કેમ કે શરીરથી કરવાથી શરીર શુધ્ધ થઈ શકે. મનથી કરવાથી અંતઃકરણ શુધ્ધ થઈ શકે અને ધનથી કરવાથી ધન શુધ્ધ થાય અને એ જે અસત્ય માર્ગેથી આવ્યુ હોય કેમ કે શાસ્ત્રકારો તો ત્યાં સુધી કે છે,

**ન્યાયોપાર્જીતવિત્તેન દશમાંશેન ધીમતામ્ ।**
**અવશ્યં વિનિયોગસ્ય ઈશપ્રીત્યર્થ હેતવે ॥**

જે આપણે ધન કમાણા હોય એનો દસમો ભાગ એ ધર્મમાં વાપરવો પરમાત્માની પ્રિતિએ વાપરો તો એ 90% ધન શુધ્ધ થઈ શકે અને 90% ધન શુધ્ધ થયું એનું એ અન્ન આવે એ અન્ન શુધ્ધ બને અને એ અન્નથી મન શુધ્ધ બને અને મન શુધ્ધ બને તો ભગવાનની ભક્તિ કરવા માટે લગની લાગે આપણું મન લાગતું નથી. એનું કારણ આપણુ બધાનું તો લાગે છે આપણું નથી કહેતો બીજાને કહું છું - એટલું કહેવાયું છે કે જેનું પેટ બગડયું હોય એને ભોજન ભાવે નહી એમ જેનું મન બગડયું હોય એને ભગવાન ગમતા નથી તો કમ સે કમ આપણે તન-મન-ધનથી સેવા કરીએ છીએ શેને માટે જ્ઞાનની પ્રાપ્તિ માટે અને જ્ઞાન ગુરુ દ્વારા પ્રાપ્ત થઈ શકે. "ગુરુકૃપા હી કેવલં શિષ્ય પરમમંગલમ." શાસ્ત્રોમાં તો ગુરુનો બહુ મહિમાં છે અને ગુરુ દ્વારા જ્ઞાન થાય તો જ્ઞાન દ્વારા જીવ પરમ મોક્ષ પદનો ભાગીદાર થઈ શકે છે.

**પુનરપિ જનનં પુનરપિ મરણં**
**પુનરપિ જનની જઠરે શયનમ્ ।**
**ઈહ સંસારે ખલુ દુસ્તારે**
**કૃપયાપારે પાહિ મુરારે ॥ ભજ ગોવિંદમ્...**

વારંવાર જનમવું વારંવાર મરવું વારંવાર માતાના ઉદરની અંદર ઊંધા માથે લટકવું ને વારંવાર ચોરાશી લાખ જન્મની અંદર ભટકવું ન પડે તો જે આ ભાઈઓએ દેવશીભાઈ ભીખાભાઈ અણઘણના સુપુત્રો એમણે જે તન-મન-ધનથી સેવા કરી ગુરુનું ઋણ ચૂકવવા માટે બ્રહ્મલીન સ્વામીજી સદ્‌ગુરુ મહારાજશ્રીના સોળમાં નિર્વાણ જયંતિ મહોત્સવ ઉજવવાને માટે માંગણી કરી અને આજે એમણે એ માંગણી પૂરી કરી કે જે લાંબા સમય કે ગુજરાતને અહીંયા કેટલા કિલોમીટર અંતર છતાં પણ એ ગુરુ પ્રત્યેની શ્રદ્ધાંજલી ભાવના અર્પણ કરવા માટે દૂર દૂરથી અહીં આવી અને એ ભાવના અર્પણ કરી અને એમને એના પરિવારવાળાને અને ભક્ત સમુદાય સહુને જેમણે લાભ લીધો એમને અને લાભ લીધો નથી એમને બધાને પરબ્રહ્મ પરમાત્મા શરીરથી સ્વસ્થ બનાવે ભૌતિક સંપત્તિથી સુખ સંપત્તિવાન બનાવે. મનથી સાત્વિક બનાવે બુદ્ધિની અંદર આત્મજ્ઞાન દ્રઢ કરાવે અને છેલ્લે મોક્ષપદના ભાગીદાર બનાવે એવી સદ્‌ગુરુના ચરણોની અંદર પ્રાર્થના....

## આત્મ પ્રશંસા અને ખુશામત

**કાળુભાઈ એ. કોશિયા**
**શ્રી માધવ ગુરૂકુળ-બાકરોલ વિધાનગર**

આપણા સંત શિરોમણી નરસિંહ મહેતાએ ગાયું છે કે -

**''હું કરૂં હું કરૂં એ જ અજ્ઞાનતા,**
**સકટનો ભાર જેમ શ્વાન તાણે.''**

માનવી એમ જ ધારે છે કે આ બધું મારા થકી જ થાય છે, હું સર્વગુણ સંપન્ન અને બુધ્ધિશાળી છું. આ બધુ મારી બુધ્ધિ શક્તિથી જ થાય છે. આવા મિથ્યાભિમાનમાં રાચતો માનવ એ નથી સમજતો કે તું તો ભાઈ નિમિત્ત માત્ર છો, તું તો માત્ર હાથો જ છે. કાર્યનો કરનાર તો પરબ્રહ્મ પરમાત્મા છે. આવું આત્મજ્ઞાન જયારે માનવમાં જાગ્રત થાય ત્યારે જ એ વિવેકનાં સાચા માર્ગ પર પ્રસ્થાન કરે છે. અને જયારે આવું સાચું જ્ઞાન થાય છે ત્યારે એ બોલી ઊઠે કે હે દયાળુ પ્રભુ તમે જ સર્વસ્વ છો તમારા વિના હું તો શૂન્ય છું હે ગુરુદેવ અને તેથી જ નારાયણ ભક્તે ગાયું છે કે,

**''સર્વ તજીને સ્મરણ કર સચ્ચિદાનંદનું,**
**વિશ્વંભર એ વિશ્વતણા આધારજો...''**

આત્મ પ્રશંસા અને ખુશામત માનવીને હંમેશા ભ્રમમાં જ રાખે છે, તેથી આપણે કરેલા સત્કર્મનો ગર્વ ન કરવો. બધું ક્ષણિક ક્ષણ ભંગુર છે. સનાતન તો માત્ર છે એક પરમ દયાળુ પરમાત્મા, આપણા પૂર્વ જન્મના કર્મથી આપણને આ માનવ જન્મ મળ્યો છે. તો સદ્‌ગુરુને સેવી સાર્થક કરી જાણવો જોઈએ.

**આવ્યો છે તું આ સંસારે**
**જન્મ સફળ તું કરતો જા...**
**સત્-ચિત્ત-આનંદ રૂપ નિહાળી,**
**આનંદે ઉછળતો જા...**
**માનવ જન્મ મળ્યો અતિ મોંઘો,**
**એનાં મૂલ્ય સમજતો જા...**
**ખોટો જાણી ખોઈશ નહિં તું,**
**સદ્‌ગુરૂ સેવા કરતો જા...**

માનવ જન્મમાં સિધ્ધિ અને પ્રસિધ્ધિ મળે, સંપત્તિ અને સત્તા મળે એ પણ સદ્‌ગુરૂની જ પ્રસાદી છે. આપણે તો માત્ર નિમિત જ છીએ. કર્તા અને અકર્તા તો કૃપાનાથ છે. બાકી સાચો સંપત્તિવાન, સાચો ધનવાન તો એ છે કે જે ત્યાગી છે, નિરહંકારી છે, જેને સદ્‌ગુરૂમાં અતૂટ વિશ્વાસ છે, શ્રધ્ધા છે.

**॥ જય સચ્ચિદાનંદ ॥**

**આયુર્વેદાત્ કિંચિત્ અર્થાત આયુર્વેદમાંથી થોડું આયુર્વેદ તો સાગર છે, તેમાંથી કોઈ કોઈ બાબતનું – મુદ્દાનું અહીં થોડું વર્ણન કરવામાં આવશે માટે આવું શિર્ષક રાખવામાં આવ્યું છે.**

આયુર્વેદ એટલે જેમાંથી આયુષ્ય વિષે જાણવા મળતા વિષયો સુખાયુ-સ્વસ્થ અને દુઃખાયુ રોગી માટે હિતકારી શું અને અહિતકારી શું વગેરેનું વર્ણન મળે છે. આયુર્વેદની ચરક સંહિતામાં ૧૨૦૦૦ શ્લોક છે. તેમાંથી મોટા- ભાગના શ્લોકોમાં સાજા રહેવાના નિયમો વગેરે છે. જો તે પ્રમાણે રહેવામાં આવે તો માણસ નિરોગી રહી ૧૦૦ વર્ષ જીવી શકે છે. (અ) સ્વસ્થ રહેવા માટે માણસોએ દિનચર્ચા, ઋતુચર્ચા અને સદાચારના નિયમો પાળવા જરૂરી છે. તેનું વિસ્તારથી વર્ણન આયુર્વેદમાં છે.

આયુર્વેદની વિષય વસ્તુ અર્થાત્ આયુર્વેદમાં શું છે તો આયુર્વેદમાં સ્વસ્થ (સાજા) અને માંદા માટે જરૂરી ક્રિયાકલ્પો અને ઔષધોનું વર્ણન છે. જે છે તે સનાતન સત્ય છે. ત્રિકાલાબાધિત સત્ય છે. દોષો (વાયુ, પિત્ત, કફ) ના ભેદ, ષડ્રસ (મધુર, અમ્લ, લવણ, કટુ (તિખો) તિક્ત (કડવો) કષાય (તૂરો) ના ભેદ, શરીરમાં રહેલા અસ્થિ, સિરા, સ્નાયુ, ધમની વગેરેના એટલા બધા ભેદો છે કે બુદ્ધિમાનની બુદ્ધિને પણ આકુળ વ્યાકૂળ કરી નાખે એવું આ બૃહત્-વિસ્તૃત શાસ્ત્ર છે. (બ)

આયુર્વેદનો સંક્ષિપ્ત ઈતિહાસ - આયુર્વેદએ અથર્વવેદનો ઉપવેદ છે. આયુર્વેદએ પ્રાચીન અને સર્વમાન્ય વિદ્યા છે. એના વિષયો અગ્નિપુરાણ, ગરૂડપુરાણ, સપ્તશતી (ચંડીપાઠ), મહાભારત અને ગીતાજી વગેરેમાં મળે છે. ભગવાને પરમાત્માએ મનુષ્યનું સર્જન કરતાં પહેલા વિચાર્યું કે મારા રાજકુમારને મિથ્યા આહાર વિહારથી કોઈ રોગ થશે તો શું ઉપાય કરશે ? તેમ વિચારી માનવ માટે તેમણે અસંખ્ય અને અકસિર ઔષધો ઉત્પન્ન કર્યા છે, જેમ કે હરીતક્ત (હરડે), બહેડા, આમળાં, અમૃતા (ગળો) તુલસી, આદું, અરડૂસી જેવા વાનસ્પતિક ઔષધો તથા દૂધ, ઘી, ગૌમૂત્ર, ગૌમય, દહીં, પ્રવાલ, મધ વગેરે પ્રાણી જ ઔષધો તથા સુવર્ણ, રજત, તામ્ર, ગંધક વગેરે ખનીજ ઔષધો વગેરે. વળી આપણને સાજા રાખવા ભગવાન શ્રી વિષ્ણુએ દયા કરી ભગવાનશ્રી ધન્વન્તરિનો અવતાર લીધો અને આયુર્વેદનો પ્રચાર-પ્રસાર કર્યો. (ક)

મનુષ્યની ભૂલને લીધે જ રોગો વધ્યા ત્યારે ઋષિઓને ચિંતા થઈ કે, માનવના તથા પશુ-પંખી વૃક્ષોના રોગો દૂર કરવા શું ઉપાય કરીએ જેથી બધા નિરોગી રહે - સુખી રહે. તેના ઉપાય જાણવા ભૃગુ, ભરદ્વાજ, નારદ, પુનર્વસુ આત્રેય, દેવલ, ગાલવ, કશ્યપ વગેરે ઋષિઓ હિમાલયની તલેટીમાં એકઠાં થયા અને ચિન્તન, ધ્યાન કરી તે સંમેલનમાં નિર્ણય કર્યો કે આ રોગોને જોઈ. ઋષિઓને બહુ દુઃખ થાય છે અને તેનો ઉપાય તો ઈન્દ્ર જાણે છે તો આપણામાંથી એક ભરદ્વાજને ઈન્દ્ર પાસે મોકલીએ તેનો ઉપાય જાણી લાવે. તેથી ભરદ્વાર ઈન્દ્ર પાસે ગયા અને રોગોનો ઉપાય આયુર્વેદ જાણી આવ્યા પછી તે આયુર્વેદ કૃષ્ણાત્રેય, ભૃગુ, અંગિરા વગેરે ને બતાવ્યા પછી તે ઋષિઓ મનુષ્યો પાસે ભારત વર્ષમાં જઈને રોગીઓને નીરોગી કર્યા. આયુર્વેદ અપૌરૂષાય છે. બ્રહ્માએ યાદ કરીને ૧૦૦૦૦૦ શ્લોકવાળી બ્રહ્મસંહિતા રચી, તેમણે પ્રજાપતિને આયુર્વેદ ભણાવ્યો. પ્રજાપતિએ અશ્વિનીકુમારૌ (બન્નેને) આપ્યો. તેમણે ઈન્દ્રરાજાને આપ્યો, ઈન્દ્ર પાસેથી ભરદ્વાર વગેરે ઋષિઓને આયુર્વેદ પ્રાપ્ત થયો. તે ઋષિઓએ મનુષ્યને સાજા કર્યા. તે ઋષિઓએ જુદી જુદી સંહિતાઓ રચી, જેમ કે કાશ્યપ સંહિતા, અગ્નિવેશ સંહિતા, હારીત સંહિતા વગેરે હાલમાં મળતી **ચરકસંહિતા**એ અગ્નિવેશકૃત તંત્ર અને દ્રઢબલે પ્રતિસંસ્કૃત કરેલ આયુર્વેદનો મહાન ગ્રન્થ છે. જે ઋષિઓએ તાડપત્ર, ભોજપત્ર ઉપર લખેલ તેને નેપાળના વૈદ્યશ્રી હેમરાજ શર્માજીએ સાચવેલી તે લઈ

પોરબંદરના પ્રખર વૈદ્યરાજ, આયુર્વેદ માટે સર્વ ન્યોછાવર કરનાર પૂજ્ય આચાર્યશ્રી યાદવજી ત્રિકમજીએ પ્રેસમાં છપાવી આપણા માટે સુલભ કરી છે, તેઓશ્રીએ નારણજી મૂલજી પ્રેસ, મુંબઈમાં આયુર્વેદના ઘણા ગ્રંથો છપાવી આપણા ઉપર ઉપકાર કર્યો છે. તે પરોપકારી, ઋષિ તુલ્ય વૈદ્યરાજને વંદન. ચરક સંહિતામાં આયુર્વેદના આંઠે અંગોનું વર્ણન છે. જેમ કે ૧. કાય ચિકિત્સા (મેડીસીન) ૨. બાલ ચિકિત્સા (બાળકોના રોગોની ચિકિત્સા - હાલની ચાઈલ્ડ સ્પેશ્યાલિસ્ટ કરે છે તેવી ચિકિત્સા.) ૩. ગ્રહ ચિકિત્સા અને ભૂત બાધાતંત્ર - ચિકિત્સા (અન્ય યોનિના ઉપસર્ગથી મનુષ્યમાં થતા રોગોની દૈવવ્યપાશ્રય ચિકિત્સા) ૪. ઉર્ધ્વાંગ ચિકિત્સા શાલાક્ય તંત્ર - હાલનું E.N.T. વિજ્ઞાન ૫. શલ્યતંત્ર - Surgery ઓપરેશનથી મટતા રોગોની ચિકિત્સા ૬. દ્રષ્ટા ચિકિત્સા - વિષતંત્ર સર્પ, વીંછી વગેરે કરડે તે વિષ દૂર કરવાની ચિકિત્સા. ૭. રસાયનતંત્ર - સાજા-માંદા દરેકને નીરોગી રાખી, દીર્ઘાયુ આપનાર ચિકિત્સા અને ૮. મું વાજીકરણ તંત્ર - સંતાન પ્રાપ્તિ માટેની ચિકિત્સા. (૬)

આ આઠે અંગોનું વર્ણન ચરક સંહતિા, સુશ્રુત સંહિતા અને વાગ્ભટ્ટકૃત અષ્ટાંગહૃદય અને અષ્ટાંગ સંગ્રહમાં મળે છે. વેદાન્તમાં જેમ પ્રસ્થાનત્રયી છે તેમ આયુર્વેદની આ પ્રસ્થાનત્રયી છે. તેમાંથી આપણે થોડું જોઈએ. સ્વસ્થ માણસને સાજા રહેવાના ઘણા ઉપાય છે, જેમ કે બ્રહ્મમુહૂર્તમાં ઊઠવું, દિનચર્યાના અંગોનું પાલન કરવું, હિતકારી, માપસર અને પ્રામાણિકતાથી પ્રાપ્ત ભોજન કરવું. સદાચાર-સત્ય, અહીંસા, બ્રહ્મચર્ય વગેરેનું પાલન કરવું ઘણો ઘણો સદાચાર જીવન જીવવા માટે - નીરોગી રહેવા માટે જરૂરી છે. તેમાંથી આપણે વહેલા ઊઠવા વગેરે વિષે થોડું જોઈએ.

મહર્ષિ વાગ્ભટ્ટ કહે છે કે **''ब्राह्मेमुहूर्ते उत्तिष्ठेत् स्वस्थो रक्षार्थमायुषः''** (અ.હૃ.સૂ.અ.૨) અર્થાત્ સ્વસ્થ માણસે આયુષ્યની રક્ષા માટે વહેલી સવારે બ્રહ્મમુહૂર્તમાં ઉઠવું જોઈએ. વહેલી સવારે ઊઠવાથી ઘણા રોગોથી બચી શકાય છે. શરીરમાં સ્ફુર્તિ ઉત્સાહ વધે છે. વહેલી સવારે મળમૂત્રની શુદ્ધિ થવાથી આયુષ્ય વધે છે. (ઈ) ઋષિઓ, સંતપુરુષો વહેલા ઊઠી બ્રહ્મસંબંધી ચિન્તન અને ધ્યાન કરે છે તેથી બ્રહ્મમુહૂર્ત કહેવાય છે. આપણા પૂજ્ય સ્વામિજી અને સંતો પણ વહેલા ઊઠી ધ્યાન અને સ્નાનાદિક ક્રિયા કરે છે અને વહેલા ઊઠવા આપણને પ્રેરણા આપે છે. નરસિંહ મહેતા પણ કહે છે કે, **'રાત રહે જ્યાહરે પાછલી ખટ્‌ઘડી, સાધુ પુરુષને સૂઈ ન રહેવું, નિંદ્રાને પરહરિ સમરવા શ્રીહરિ...'** આપણે વહેલા ઊઠવાથી આરોગ્ય લાભ, બળ વૃધ્ધિ, મનની પ્રસન્નતા કાર્યમાં નિયમિત પહોંચવું વગેરે પ્રાપ્ત કરી સ્વસ્થતા, આનંદ વધારી શકીએ છીએ. ઊઠીને કરદર્શન કરી, દાતણ કરી ઉષ:પાન કરવું જોઈએ. મળસ્કે ત્રાબાનું પાણી પીવું તે ઉષ:પાન કહેવાય છે. પાણી પીવાનું કોઈ ફિક્સ માપ નથી. પોતાને માફક આવે એટલા પ્રમાણમાં પીવું જોઈએ. ઉષ:પાનથી અમ્લપિત્ત, મૂત્રદાહ, અલ્પમૂત્રતા, પૌરુષ ગ્રન્થિ વૃધ્ધિ-પ્રોસ્ટેટ, વિદગ્ધાજીર્ણ, અર્ણ વગેરે ઘણારોગો થતા નથી અને હોય તો મટાડવામાં મદદ મળે છે. નીચેના રોગીઓએ ઉષ:પાન કરવું જોઈએ નહીં, જવર, પ્રતિશ્યાય-શરદી, શ્વાસ, બહુમૂત્રતા, સોજાનો રોગ વગેરે, કહેવત છે કે **ત્રાંબા પાણી જે પીએ તે ઘરે વૈદ્ય ન જાય** અર્થાત વૈદ્ય/ડોક્ટરની જરૂર પડતી નથી, સાજા રહેવાય છે. સૂર્યોદય પહેલા જલ, દૂધ, ઘી કે મધ ચારેય કે ચારમાંથી એક કે બે કે ત્રણ જે માફક આવે તે માપસર પીવાથી આયુષ્ય સ્થિર થાય છે. (ઈ) આપણે પણ ઉષ:પાનનો લાભ લઈ નીરોગી રહી દીર્ઘાયુ પ્રાપ્ત કરીએ. જાપાની પદ્ધતિમાં કોગળા કર્યા વિના જળ પીવાનું કહે છે તે ખોટું છે. તેવું ન કરવું જોઈએ.

જે લોકો સૂર્યોદય પછી ઊઠે છે, તે ખોટનો ધંધો કરે છે. મોડા ઊઠવાથી આળસ, થાક, કબજિયાત, સ્ફૂર્તિનો અભાવ, મંદાગ્નિ વગેરે ઘણા રોગો થાય છે. જીવનીય શક્તિનો-પ્રાણનો નાશ થાય છે માટે વહેલા ઊઠવું જોઈએ.

**''વહેલા સૂઈ વહેલા ઊઠે વીર,**
**બળ, બુદ્ધિને ધન વધે, સુખમાં રહે શરીર ။''**

# ❁ સ્વપ્રયત્નની અનિવાર્યતા

ગોરધનભાઈ જી. ગાબાણી ❁
પીપળીયા

**॥ જય સચ્ચિદાનંદ ॥**

પોતાને બંધનમાંથી છોડાવનાર પોતાનાથી ભિન્ન કોઈ પણ વ્યક્તિ હોઈ શકે નહી. ગુરુ પાસેથી મોક્ષની ઈચ્છા રાખનાર કે પછી કોઈ અન્ય વ્યક્તિ પાસેથી મુક્તિની અપેક્ષા રાખનાર સર્વ કોઈ મુમુક્ષુએ સ્પષ્ટ સમજી લેવું આવશ્યક છે. કે જગતની કોઈ પણ વ્યક્તિ કોઈને પણ આપી શકે નહી. મુક્તિનો કે મોક્ષનો ઉપાય સુચવી શકે. બંધનમાંથી છુટવાનો માર્ગ ગુરૂ કે કોઈ પણ માર્ગદર્શક ચીંધી શકે પરંતુ કોઈ પણ વ્યક્તિ મોક્ષ આપી શકે નહી. પિતાએ જો દેવું કર્યુ હોય. કોઈની ઉધાર વસ્તુઓ લીધી હોય તો તેવું પિતૃઋણ પુત્ર ભરપાઈ કરી શકે. પિતાની ઉધાર લીધેલી ચીજો પુત્ર કે અન્ય સંતાનાદિ કુટુંબીજનો પરત કરી શકે પરંતુ જો પિતા બંધનનો અનુભવ કરતા હોય અવિદ્યાગ્રસ્ત હોય તો તેવા અજ્ઞાનરૂપી બંધનમાંથી મુક્તિનો ઉપાય તો તેમણે સ્વયં કરવો પડે છે. દેવાદારનું દેવું તો મિત્રો પણ મદદ કરી ચુકવી શકે છે. પરંતુ સ્વયંના અજ્ઞાનમાંથી છૂટકારો મેળવી જ્ઞાનપ્રાપ્તિ તો પોતે જાતે જ કરવી પડે છે. અજ્ઞાનના બુદીના ભગીરથ કાર્યમાં કોઈ ભાગીદાર થઈ શકે નહી.

આ ઉપરથી આપણે સૌએ સમજી લેવાની જરૂર છે કે ધનના કે ભોગના ભાગીદાર ગમે તે થઈ શકે. પરંતુ પુણ્યના કે પાપના ભાગીદાર કોઈ થઈ શકે નહીં. ઘરની એક વ્યક્તિ ધન ભેગું કરીને લાવતી હોય તો તે ધનનો ઉપયોગ ઘરની પ્રત્યેક વ્યક્તિ કરી શકે છે. પરંતુ ઘરની એક વ્યક્તિ જો સત્સંગ સેવા-પુજા-તપશ્ચર્યા કરતી હોય તો તેના સત્કાર્યનું ભાગીદાર કોઈ અન્ય વ્યક્તિ બની શકે નહીં. તે જ પ્રમાણે ઘરની એક વ્યક્તિ જો પાપ કર્મ કરી દુષ્કૃત્યો દ્વારા ધન એકઠું કરતી હોય તો તેના ધનની ભાગીદાર. કોઈ પણ વ્યક્તિ તેના પાપકર્મની ભાગીદાર બનતી નથી. આવું પૌરાણિક દ્રષ્ટાંત વાલિયા લુંટારાનું આપણા શાસ્ત્રમાં જોવા મળે છે. તેની લુંટના ભાગીદાર સૌ કુટુંબીજનોને તેના એ પાપકર્મ સાથે કોઈ પણ નિસ્બત નથી તેવું સમજાતાં જ તેના જીવનમાં પરિવર્તન આવ્યું અને નારદમુનિના ઉપદેશ પ્રમાણે તેમણે તે પાપમાંથી મુક્તિ માટે રામનામનું ચરણ લીધું અને તેઓ વાલિયા લુંટારામાંથી ઋષિ વાલ્મિકી બની ગયા.

પાપ કે પુણ્ય કર્મના આપણા ભાગીદાર કોઈ અન્ય વ્યક્તિ બની શકી હોત તો રાજા કંસનો ભગવાન શ્રીકૃષ્ણે સંહાર કર્યા ન હોત અને પુણ્ય કર્મ પ્રદાન કરી પાપનો ક્ષય કરી પોતાના મામા કંસનો સંહાર થતો અટકાવી શકયા હોત એજ પ્રમાણે રામાવતારમાં પણ ભગવાને રાવણનો સંહાર કરવાને બદલે તેના તમામ કર્મોમાંથી તેને મોક્ષ પ્રદાન કર્યો હોત. સ્વયં અવતારી પુરૂષ હોવા છતાં તેઓએ દુષ્ટોને તેમના દુષ્કર્મનું ફળ આપ્યું છે. આમ કર્મના કાયદામાંથી કોઈ મુક્ત થઈ શકે તેમ નથી તેથી જ અત્રે જણાવવામાં આવ્યું છે. બંધનમાંથી છુટવા માટે વ્યક્તિએ પોતાની જાતે પ્રયત્ન કરવો પડે છે.

કોઈ માર્ગદર્શક ગુરુ પાસે વ્યક્તિને લઈ જઈ શકાય. પરંતુ જ્ઞાનમાં અભિરૂચિ તો વ્યક્તિએ જાતે જ કેળવવી પડે છે. જેમ કે કોઈ ઘોડાને તબેલામાંથી તળાવ સુધી આપણે પહોચાડી શકીએ પરંતુ પાણી પીવડાવી ન શકીએ. તેવી જ રીતે કોઈ પણ વ્યક્તિને શાસ્ત્રના ગ્રંથો આપી શકાય. પરંતુ તેમાં રસ કેળવતો ન કરી શકાય. જેમ ભુખી વ્યક્તિને જ જમાડી શકાય તેમ સંસારના દાવાનળથી દાઝેલા વ્યક્તિને જ દુઃખ મુક્તિનો ઉપાય બતાવી શકાય એટલું જ નહીં જે વ્યક્તિ ભુખી હોય તે જ નક્કી કરી શકે કે પોતાને શું ખાવું છે. કયારે ખાવું છે તથા તે કેટલું ખાઈ શકે તેમ છે. આમ અધ્યાત્મમાર્ગે સર્વ કોઈને બળજબરીથી ધકેલી શકાય નહી. આગળ જણાવવામાં કે જેવી રીતે માથા પરના ભારને દુર કરવા માટે અન્ય કોઈ મદદરૂપ થઈ શકે. પરંતુ ક્ષુધાંદથી મુક્ત થવા માટે તો વ્યક્તિએ જાતે જ પ્રયત્ન કરવો પડે છે. તેવી રીતે સંસાર બંધનમાંથી છુટવા માટે પણ વ્યક્તિએ સ્વયં જ પુરુષાર્થ કરવો પડે છે. વ્યાધિગ્રસ્ત વ્યક્તિ અથડાતી કુટાતી લોકો પાસે પોતાના દુઃખના ગાણા ગાતી હોય તો તેમ કરવા માત્રથી વ્યાધિ મુક્ત થઈ શકે નહી. તે માટે તો તેણે વૈદ પાસે જઈ પોતાનું દર્દ બતાવી દવા લેવી પડે છે. ધારો કે કોઈ વ્યક્તિ માથાના દુઃખાવાથી પીડિત થતી હોય તો તે ડોક્ટર પાસે જઈ દવા માટેનું સુચિપત્ર મેળવે છે. તે પત્ર ચોવીસ કલાક ખીંસામાં મુકી સતત બુમો મારે છે કે મને પુષ્કળ માથું દુઃખે છે. પણ આમ કરવાથી તેનું માથું દુઃખનું દર્દ મટતું નથી. પરંતુ ડોક્ટરે લખી આપ્યા પ્રમાણેની દવા તેને પ્રાપ્ત

કરવી પડે છે ને જાતે ખાવી પડે છે. ઘણીવાર એવું બને કે દવાના ઢગલા ઘરમાં ભેગા કર્યા હોય અને દર્દ રોગ મુક્ત ન થતી હોય તો એક મુદો સ્પષ્ટ છે કે તેણે દવા તો ભેગી કરી છે પરંતુ દવા તેણે આરોગી નથી. આમ દવા હોય પરંતુ રોગી તેને ન આરોગી શકે તો તે નિરોગી બનતો નથી. આવા રોગીની દવા જો કોઈ નિરોગી વ્યક્તિ લે તો તેનો ફાયદો રોગીને થતો નથી અને રોગી વ્યક્તિ રોગગ્રસ્ત જ રહે છે. આ જ પ્રમાણે દુઃખમાંથી મુક્તિનો ઉપાય પણ વ્યક્તિએ સ્વયં જ કરવો પડે છે. રોગીએ જેમ વેદ પાસેથી દવાની સુચિ મેળવવી પડે છે. તેમ મોક્ષાર્થીએ શાસ્ત્ર-અધ્યનાર્થે શાસ્ત્ર પ્રાપ્ત કરવા પડે. ત્યારબાદ રોગીને દવા પ્રાપ્ત કરવી પડે તે પ્રમાણે મુમુક્ષુએ પણ શાસ્ત્રની સમજ તેના ગુઢ સંકેતો સમજવા પડે. તેમ કર્યા બાદ રોગીએ દવા આરોગવી પડે તે જ પ્રમાણે સંસાર વ્યાધિથી ગ્રસ્ત રોગીએ પણ શ્રુતિના સંકેતોને આત્મસાત કરવા પડે. દવાને પચાવવા જેમ પાણીનો ઉપયોગ કરવો પડે તેમ શાસ્ત્રને પચાવવા ચિંતન, મનન અને નિદિધ્યાસન કરવા પડે એકાંતમાં રહી જ્ઞાનમાં નિષ્ઠા પ્રાપ્ત કરવી પડે અને તો જ કદાચ ભવરોગથી છુટી શકાય પરમ પુરુષાર્થ એવા મોક્ષમાર્ગ સ્વપ્રયત્ન જ કામ લાગી શકે છે.

# બાળ કેળવણી - ભાગ (૬)

લવજીભાઈ કે. સવાણી
(નાવડા)

**આળસ અને લાપરવાહીથી દૂર રહેવાનું શિક્ષણ :-**

બાળકોની ચેતના જીવંત હોય છે, જો એનું સંવર્ધન કરવામાં ના આવે તો એમાં આળખ અને લપરવાહી જેવા દોષો પ્રવેશી જાય છે. આપણે જોઈએ છે કે નાનું બાળક જંપીને બેસતું નથી, એ કોઈને કોઈ પ્રવૃત્તિ તો કરતું જ હોય છે. તેની આ વૃત્તિને યોગ્ય દિશા અને યોગ્ય ગતિ આપવા માટે મા-બાપે સચેત રહેવું પડે છે. નહિ તો એની આ ચેતના ધીરે ધીરે નિષ્ક્રિય થતી જાય છે અને કિશોરકાળમાં આળસરૂપ દેખા દે છે. આથી આળખ અને લાપરવાહીથી દૂર રહેવાનું અને ત્વરિત કાર્ય કરવાનું શિક્ષણ આપવું જોઈએ.

**દ્રષ્ટિકોણનું શિક્ષણ :-**

બાળકને દ્રષ્ટિનું શિક્ષણ આપવાનું જરૂરી છે, કારણ કે જો તે જીવનમાં યોગ્ય દ્રષ્ટિ નહીં મેળવે તો એની સમસ્યાઓમાં અને મુંઝવણોમાં ફસાયેલો રહેશે. જીવનમાં એકબીજાની સરખામણી કરતો રહેશે અને માનવજાતની અસલ જિંદગી શકશે નહીં. માણસ એકબીજાથી તદ્દન અલગ છે. એકબીજાની આવડતો, કાર્યો, વિચારધારા, બધુ જ અલગ છે, એવી કેળવણી આપવી જોઈએ. આવું નહિ થાય તો તે સતત સરખામણી કરતો રહેશે અને દુઃખી રહેશે.

**સ્વમાનનું શિક્ષણ :-**

બાળક મોટું થાય એટલે સંસારના ચક્રવ્યૂહના ફસાઈને સંસાર જેવું જ બની જાય છે. કપટ, ચોરી, ઈર્ષા અને સ્પર્ધા કરતું થઈ જાય છે. આ દૂષણોમાંથી એને બચાવવું જોઈએ. આવા દુષણોને કારણે સ્વમાનનું ધોરણ નીચે જાય છે. આવા દૂષણો પોષવામાં મા-બાપ પણ સાથ આપે છે. બોર્ડની પરીક્ષામાં ટકાવારી મેળવવા ચોરીનો સાથ લે છે. પરિણામે બાળકનો આત્મવિશ્વાસ, આત્મસન્માન અને આત્મ નિષ્ઠાનું પતન થાય છે. આ નુકસાન બહુ જ મોટું થાય છે. જે કદી ભરપાઈ થતું નથી. જિંદગીભર એની આડઅસરો દેખાય છે. બાળકને સ્વમાન શીખવો, સ્વાભિમાન શીખવો. એની આત્મશ્રદ્ધાને જીવતી રાખવાં આવાં દુષણોથી દૂર રહો - આ કિસ્સો સાંભળો.

શાળાના ઈન્સ્પેકશન વખતે અધિકારી સાહેબ આવવાના હતા. અધિકાર આવ્યા પછી વિદ્યાર્થીઓની પરીક્ષા શરૂ થઈ. શાળાના એક વિદ્યાર્થીએ એક અંગ્રેજીનો સ્પેલિંગ ખોટો લખ્યો. શાળાના શિક્ષકે ઈશારો કરી સ્પેલિંગ સુધારવાનું કહ્યું. વિદ્યાર્થીએ સુધાર્યો નહીં. અધિકારીએ સ્પેલિંગ ચેક કર્યો, ખોટો કર્યો, શિક્ષકને કહ્યું, બરાબર ભણાવો. મોટા સાહેબ ગયા પછી શિક્ષકે વિદ્યાર્થીને કહ્યું, ઈશારો કર્યો તોય સમજયો નહીં. વિદ્યાર્થીએ કહ્યું, હું ચોરી કરીને આગળ વધવા માંગતો નથી. આ વિદ્યાર્થીનું નામ મોહનચંદ કરમચંદ ગાંધી. એણે જો તે વખતે આત્મનિષ્ઠા બાજુ પર રાખી ચોરી કરી હોત તો તે ગાંધી ના બન્યા હોત.

લત્તા અરવિંદભાઈ માંગુકિયા
દડવા (રાંદલના)

# ધ્યાન અને ધારણા

**।। જય સચ્ચિદાનંદ ।।**

સદ્‌ગુરૂ ભગવાનના ચરણોમાં કોટિ કોટિ વંદન પરમાર્થ માર્ગમાં પ્રવેશ વખતે સાધકે બહુ જ હિંમત સાહસ અને શુરવીર પણુ દાખવવું પડે છે. એક વખત પ્રવેશ થાય તો સાધક ચાલવા લાગે છે. પરંતુ પરમાર્થ માર્ગ જતી વખતે જગત તરફની હિંમત કરતા ડર વધારે લાગે છે. તેમા જતા રોકવાવાળા પણ ઘણા મળશે. પરંતુ પરમાત્મા સ્વરૂપ સદ્‌ગુરૂની કૃપા થાય પછી જ્ઞાન માર્ગમાં એક વખત પ્રવેશ થઈ જાય પછી કોઈ જગતનો ભય નથી રહેતો સાધક નિર્ભય થઈને આધ્યાત્મિક માર્ગમાં આગળ વધે છે. પરંતુ ગુરુકૃપા વરસાવે પણ સાધકે પ્રયત્ન માટે તત્પર રહેવાનું છે. જ્ઞાન માટે અધિકારની જરૂર છે અધિકારી વગર જ્ઞાન ટકશે નહિ જેમ પાત્ર વિના રસ નહિ ઠરે જેમ ઊંધો ઘડો રાખવાથી અંદર પાણી નહીં ભરાય તેમ.

**ઊંધે ઘડે ઉદક કેમ ભરશે,**
**એમ પાત્ર વિના રસ કેમ ઠરશે,**
**અજ્ઞાની જીવ અજ્ઞાની જીવ,**
**સંગ કરે સાચો પણ રંગ ચડે નહિ.**

અધિકૃત વ્યક્તિ કોને કહેવાય. પરમાર્થના અધિકારી કોણ છે. જેનામાં મલ મલિનતા વિક્ષેપ અને આવરણ દુર થયા છે તેને કહેવાય, જેમાં (૧) વિવેક (૨) વૈરાગ્ય (૩) ષટ્ સંપત્તિ અને મુમુક્ષતા આ ચાર સાધન માટે તત્પર છે. (૧) વિવેક - આત્માને અનાત્માને અલગ કરી શકવાની બુધ્ધિને નિરક્ષક વિવેક કહે છે. (૨) વૈરાગ્ય - આ લોકને પરલોકના ભોગ પદાર્થની અનઈચ્છા હોવી તે વૈરાગ્ય કહે છે. (૩) ષટ સંપત્તિ. (૧) શમ = વાસનાનો ત્યાગ (૨) દમ = ઈન્દ્રીયોનો સંયમ-નિગ્રહ (૩) ઉપરતિ = પ્રપંચથી રહિત (૪) તિતિક્ષા = શીત, ઉષ્ણ, દ્વન્દ સુખ દુઃખમાં સહન શીલતા (૫) શ્રધ્ધા = ગુરૂ પ્રત્યે તેમજ શાસ્ત્રમાં શ્રધ્ધા (૬) સમાધાન = ચિત્તની એકાગ્રતા અને ચોથુ સાધન મુમુક્ષતા = હું આ સંસારના બંધનોથી મુક્ત થાવ તેવી ઈચ્છાને મુમુક્ષતા કહેવાય છે. આ ચાર સાધન સંપન્ન ને અધિકારી કહેવાય છે. યોગ માર્ગમાં પહેલા તો ચિત્ત શાંત કરવાનું છે જે સંસારના સંકલ્પ અને વિકલ્પની સીડી યે મને ચડે છે ને ઉતરે છે માટે પ્રયત્ન પૂર્વક મનને અભ્યાસમાં જોડવાનું છે. કેવળ અભ્યાસમાં જોડવાથી નહિ વળે સાથે સાથે સંસારના પદાર્થમાંથી વૈરાગ્ય હોવો જોઈએ. જેમ ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણ એ કહ્યું છે અધ્યાય-૬ શ્લોક ૩૬.

**''અસંયતાત્મના યોગો દુષ્પ્રાપ ઈતિ મે મતિઃ ।**
**વશ્યાત્મના તુ યતતા શક્યોઽવાપ્તુમુપાયતઃ ।।''**

હે મહાબાહો નિસંદેહ મન ચંચળ તેમજ મુશ્કેલીથી વશ થનારૂ છે છતા પણ હે કુન્તીપુત્ર અભ્યાસ અને વૈરાગ્ય વડે વશમાં થાય છે. પતંજલિનો યોગ દર્શન પ્રમાણે યોગના આઠ અંગ છે. યમ નિયમ આસન પ્રાણાયામ અને પ્રત્યહાર એ પાંચ બહિરંગ સાધન છે. તે કરતા ધારણા ધ્યાન અને સમાધી એ ત્રણ અતરંગ સાધન મુમુક્ષને માટે ઉત્તમ છે. આગળના પાંચ સાધનની પણ જરૂર છે. ધારણાનો અર્થ છે. ચિતમાં એક વિશેષ પ્રકારનું વ્રત. વ્રત કોઈ બાહ્ય નહિ પણ જીવના છેલ્લા શ્વાસ સુધી ટકી રહેવું જોઈએ જે વ્રતની કોઈ પુર્ણાહૂતિ નો હોય જેમાં પરમાત્માથી બીજી કોઈ અપેક્ષા નો હોય એક વખત આવી ધારણા થઈ જાય પછી બહિરંગ સાધનની જરૂર નથી. પણ આવી ધારણા વૈરાગ્ય વગર શકય નથી. વૈરાગ્યનો મુખ્ય શ્તોત્ર સત્સંગ છે માટે સંતોએ સત્સંગનો ખૂબ મહિમા કહ્યો છે માનસકાર શ્રી તુલસીદાસ સંત કબીર સમર્થ સ્વામિ રામદાસ પરમ પૂજ્ય સ્વામિજી મહારાજશ્રી કહે છે કે ક્ષણ માત્રનો સત્સંગ જીવને સંસારમાંથી મુક્ત કરે છે. ધારણાની જ પરિપક્વ અવસ્થા જેમાં યથાર્થ લક્ષ્ય પરમાત્માનો અવિસ્મરણીય ખ્યાલ રહે તેને જ ધ્યાન કહેવામાં આવે છે અહીં સુધી કર્તાપણું રહે છે. ચિત્ત સંપૂર્ણ રીતે અંતર લક્ષિત થઈ જાય છે અથવા સર્વ વૃત્તિઓના સમુહનું લક્ષ એક માત્ર પ્રમેય તત્ત્વ પરમેશ્વર રહે છે તેજ અવસ્થા સમાધી કહેવાય છે. ભગવતગીતાના અધ્યાયમાં ૧૨ માં ૭ માં શ્લોકમાં કહે છે.


**તેષામહં સમુદ્ધર્તાઃ મૃત્યુસંસારસાગરાત્ ।**
**ભવામિ નચિરાત્પાર્થ, મય્યાવેશિતચેતસામ્ ।।**

આવો સમાધી સ્થીત એટલે કે મારામાં ચિત્ત પરોવનાર એ પ્રેમી ભક્તને હે પાર્થ હુ સ્તવરે મૃત્યુ રૂપી સંસાર સાગરમાંથી ઉધ્ધાર કરું છું. માટે શરીરથી કામ સંસારના કરીએ ભલે પણ મન ચિત્ત સતત પરમાત્મામાં જ રાખીએ ઓમ અસ્તુ.... સૌને જયશ્રી સચ્ચિદાનંદ...



પ.પૂ.શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી
શ્રી અખંડાનંદ સાગરજી મહારાજ





પ.પૂ.શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામી
શ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ

# શ્રી ગુરૂપૂર્ણિમા મહોત્સવ - ચાણોદ

**શ્રી ગામ ચાણોદ ધામથી લી. સ્વામીજી મહારાજશ્રીના ચરણોપાસક સેવક સમસ્તના સવિનય સાદર ઘણા હેતથી જય શ્રી સચ્ચિદાનંદ વાચશોજી.**

જય શ્રી સચ્ચિદાનંદ સાથ જણાવતા આનંદની લાગણી અનુભવીએ છીએ કે આ વર્ષમાં પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય પ્રગટ બ્રહ્મસ્વરૂપ શ્રી ૧૦૦૮ **સ્વામીશ્રી માધવાનંદજી મહારાજશ્રી**ની મહતિઅનુકંપાથી ભગવતી નર્મદામૈયાની પાવનકારી ગોદમાં **ધર્મધૂરંધર સ્વામીશ્રી શિવોહંસાગર** અન્નક્ષેત્રના પ્રવિત્ર સ્થાનમાં એવમ્ પરમ પૂજ્ય પ્રાતઃ સ્મરણીય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર **સ્વામીશ્રી અખંડાનંદ સાગરજી મહારાજશ્રી**ની સમાધિના સાનિધ્યમાં એવમ્ ગુજરાતનું દક્ષિણ પ્રયાગ એવા ચાણોદ મુકામે સંવત ૨૦૭૨ અષાઢ સુદ પૂનમ ગુરૂ પૂર્ણિમા તા.૧૯-૭-૨૦૧૬ મંગળવારના પવિત્ર દિવસે પરમ પૂજ્ય શ્રોત્રિય બ્રહ્મનિષ્ઠ શ્રીમત્પરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર **સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ** વેદાન્તાચાર્યની અધ્યક્ષતામાં ગુરૂપૂર્ણિમા મહોત્સવ ધામધુમથી ઉજવાશે.

તેમજ પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર **સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજ** વેદાન્તાચાર્યશ્રીનું ચાતુર્માસ ચાણોદધામમાં સંવત ૨૦૭૨ અષાઢ સુદ પૂનમ તા.૧૯-૭-૨૦૧૬ ને મંગળવાર થી ભાદરવા સુદ પૂનમ તા.૧૬-૯-૨૦૧૬ ને શુક્રવાર સુધી રાખેલ છે. તો પવિત્ર ચાતુર્માસ દરમ્યાન શ્રી સદ્‌ગુરૂ મહારાજશ્રીની દિવ્ય સમાધિના દર્શન, નર્મદા સ્નાન, સંતોના દર્શન તેમજ પ્રવચનનો અમુલ્ય લાભ લઈ પુણ્યના ભાગીદાર થવા અવશ્ય પધારશોજી.

## ગુરૂ પૂર્ણિમા મહોત્સવ કાર્યક્રમ, તા.૧૯/૦૭/૨૦૧૬ મંગળવાર


| | | |
|---|---|---|
| પ્રાતઃકાલ | : ૪.૦૦ કલાકે | પવિત્ર નર્મદા સ્નાન |
| પ્રાતઃકાલ | : ૫.૦૦ થી ૫.૩૦ | પ્રભાતિયા |
| સવારે | : ૫.૩૦ થી ૭.૧૫ | શ્રી ગુરૂગીતાનો નાનો-મોટો પાઠ |
| સવારે | : ૭.૧૫ થી ૮.૩૦ | ચા-પાણી-નાસ્તો |
| સવારે | : ૮.૩૦ થી ૯.૩૦ | શ્રી સદ્‌ગુરૂ પૂજન વિધિ |
| સવારે | : ૯.૩૦ થી ૧૨.૩૦ | સંતોના આશીર્વાદ પ્રવચન |
| બપોરે | : ૧૨.૩૦ કલાકે | મહાપ્રસાદ |

**:: ખાસ સૂચના ::**

**ગુરૂપૂર્ણિમા મહોત્સવ તેમજ ચાતુર્માસમાં આવનાર સેવક ભાઈ-બહેનોએ અગાઉથી ફોન દ્વારા પોતાના નામ નોંધાવવા નમ્ર વિનંતી. જેથી કરીને વ્યવસ્થામાં અગવડ ન પડે. જણાવ્યા વગર આવશે તે સદ્‌ગુરૂજીની આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું ગણાશે.**

**સ્થળ : મુ. ચાણોદ, તા. ડભોઈ, જી. વડોદરા. ફોન : ૦૨૬૬૩ ૨૩૩૩૬૨**

## સત્સંગ સમાચાર પરમ પૂજ્ય મહામંડલેશ્વર સ્વામીજી મહારાજશ્રીનો કાર્યક્રમ



➼ પરમ પૂજ્ય શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વર સ્વામીશ્રી જગદીશાનંદ સાગરજી મહારાજશ્રી વિદેશયાત્રા પૂર્ણ કરીને તા.૧૭-૭-૨૦૧૬ ના શુભ દિવસે પુનઃભારત પધારશે. તા.૧૮-૭-૨૦૧૬ ના રોજ ગુરૂપૂર્ણિમા મહોત્સવ તેમજ ચાતુર્માસ પ્રસંગે ચાણોદ પધારશે.



**પ.પૂ. સ્વામીશ્રી બ્રહ્માનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનો કાર્યક્રમ**

- ➼ તા. ૨૫/૬/૨૦૧૬ થી રાવણા (અમરેલી)
- ➼ તા. ૨૬/૬/૨૦૧૬ થી ચીતલ (અમરેલી)
- ➼ તા. ૧/૭/૨૦૧૬ થી ધારંગડી (અમરેલી)
- ➼ તા. ૪/૭/૨૦૧૬ થી ભીંગરાડ (અમરેલી)
- ➼ તા. ૧૨/૭/૨૦૧૬ થી સુધડ (ગાંધીનગર)
- ➼ આંતર રાષ્ટ્રીય શ્રી માધવાનંદ આશ્રમમાં ગુરૂપૂર્ણિમા પ્રસંગે તા.૧૯/૭/૨૦૧૬ ને મંગળવારે સવારે ૬.૦૦ થી ૧૨.૦૦ કલાક સુધી હાજરી આપશે.

ત્યાર પછી ચાતુર્માસ નિમિત્તે સિધ્ધપુર જનાર્દન તીર્થ આશ્રમ પધારશે. ત્યાં શ્રાવણ માસમાં વિષેશ કાર્યક્રમ શિવપૂજન નિમિત્તે શિવપુરાણ કથાનું આયોજન રાખેલ છે.



**પ.પૂ. સ્વામીશ્રી હરિહરાનંદ સાગરજી મહારાજ વેદાન્તાચાર્યનો ચાતુર્માસ કાર્યક્રમ**

- ➼ અષાઢ સુદ ગુરૂ પૂર્ણિમા સં. ૨૦૭૨ મંગળવાર તા.૧૯/૭/૨૦૧૬ થી ભાદરવા સુદ પૂનમ શુક્રવાર તા.૧૬/૯/૨૦૧૬ સુધી

**દૈનિક કાર્યક્રમ**

- ➼ સવારે ૫.૩૦ થી ૬.૧૫ શ્રી ગુરૂગીતા પાઠ, ૬.૧૫ થી ૭.૧૫ સ્વાધ્યત્મક સત્સંગ, વિષય - ઉપનિષદ
- ➼ સાંજે ૫.૩૦ થી ૬.૩૦ - પ્રવચનાત્મક સત્સંગ, વિષય - શ્રીમદ્ ભગવદ્ ગીતા
  ૬.૩૦ થી ૭.૩૦ - આરતી, પ્રાર્થના તથા શ્રી શિવ મહિમ્ન સ્તોત્ર
- ➼ શ્રી માધવાનંદ આશ્રમ દક્ષ રોડ, જગજીતપુર, કનખલ, હરિદ્વાર, ઉત્તરાખંડ. ફોન : ૦૧૩૩૪ ૨૪૬૬૭૫, મો. ૯૪૧૧૫ ૦૧૬૮૨




# આંતરરાષ્ટ્રીય શ્રી માધવાનંદ આશ્રમ, સુઘડ

Printed Book

REGISTERED UNDER RNI NO. GUJ.GUJ/2000/2499
LICENCE VALID UP TO 31/12/2016
POSTAL REGI. NO. SRT-771/2014-16
POSTED AT SURAT RMS ON 5th OF EVERY MONTH




**BOOK POST**

પૃષ્ઠ ૨૪

**If Not Delivered Please Return To :-**

**: મુખ્ય કાર્યાલય :**
**શ્રી સચ્ચિદાનંદ સેવક મંડળ**
**"વેદ રહસ્ય કાર્યાલય"**
**શ્રી માધવાનંદ આશ્રમ, ઉદયનગર–૧,**
**કતારગામ રોડ, સુરત–૩૯૫ ००૪.**
**ફોન નં.:– ०૨૬૧ ૨૫૩૪૬૧०**

Published by Laxmanbhai Jerambhai Sonani on behalf of Sachchidanand Sevak Mandal Printed by Ishvarbhai Dhanjibhai Golakiya at Parth Print Point, 1-Basement, Shreeji Awas, Mangadh Chowk, Mini Bazar, Varachha, Surat (Gujarat) and Published form Sachchidanand Sevak Mandal, Madhvanad Ashram, Uday Nagar Society-1, Katargam Road, Surat. Editor- Devrajbhai Valjibhai Vaghasiya.

Price per Copy Rs. 50/-